ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ચિત્રકલા

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

તમસો મા જ્યોતિર્ગમય

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી સિકંદર કે. સિંધી

**લેખન**

શ્રી અરવિંદ કે. વાકાણી
શ્રી સુહાગ પી. પટેલ
શ્રી નાથાલાલ બ્રહ્મક્ષત્રિય
શ્રી કલેન્દુ પી. મહેતા
શ્રી હરિભાઈ ટંડેલ
શ્રી કેશુભાઈ બિહોલા
શ્રી લક્ષ્મણભાઈ લામ્પડા
શ્રી મમતાબહેન પટેલ

**સમીક્ષા**

શ્રી આશિષ આર. ગાંધી
શ્રી રાજુબહેન ચિ. શાહ
શ્રી પ્રતિક્ષા કે. મહેતા
શ્રી નયનભાઈ સુથાર

**ભાષાશુદ્ધિ**

શ્રી સ્વાતિ જી. રાવલ

**સંયોજન**

ડૉ. કમલેશ એન. પરમાર
(વિષય-સંયોજક : હિન્દી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપેક્ષ્યમાં તૈયાર કરાયેલા રાજ્યના જુદા-જુદા વિષયોના અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 11, ચિત્રકલા** વિષયનું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતા આનંદ થાય છે. લેખન-સંપાદન પૅનલના સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રત નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. એન. સી. ઈ. આર. ટી. ના અને અન્ય રાજ્યોના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોને જોઈ-ચકાસી, રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે લેખક-સંપાદકોએ ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષા-શિબિરના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમજ મંજૂરીક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમનો એક ઉદ્દેશ્ય વિદ્યાથીઓ કલા, શિલ્પ અને સ્થાપત્યો વિશે ઉપયોગી માહિતી મેળવે તેમજ તેનું મહત્ત્વ સમજે તેવો રહ્યો છે. પ્રાગ્ ઐતિહાસિક, સિંધુ સંસ્કૃતિ, મૌર્યકાલીન, કુષાણકાલીન, ગુપ્તકાલીન તેમજ પશ્ચિમના દેશોની કલા વિશે સમજણ કેળવે તે ઉપરાંત ભારતના નામાંકિત કલાકારોની ચિત્રશૈલી મુજબ ચિત્ર-સર્જન કરતા થાય તેવો પણ રહ્યો છે. પ્રાયોગિક વિભાગ વિદ્યાર્થીઓને ચિત્રસર્જન તરફ ઉત્સાહિત કરશે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


- કલાશિક્ષણની પૂર્વભૂમિકા 1

1. પ્રાગ ઐતિહાસિક યુગની કલા 2
2. સિંધુ સંસ્કૃતિની કલા 8
3. મૌર્યકાલીન કલા 13
4. કુષાણકાલીન કલા 18
5. ગુપ્તકાલીન કલા 21
6. પશ્ચિમના દેશોની કલા 30
7. ભારતના નામાંકિત ચિત્રકારો 38
8. ચિત્રસર્જન (પ્રાયોગિક) 66

# કલાશિક્ષણની પૂર્વભૂમિકા

## પ્રસ્તાવના

માનવજીવનનો ધબકાર એટલે કલા. પછી તે પહેરવેશમાં રંગોની ઉપયોગિતા હોય, તેની યોગ્ય રીતે ગોઠવણી હોય. આપણા ઉપયોગમાં આવતાં વાસણો હોય કે રાચરચીલું હોય. દરેક પદાર્થની ગોઠવણીમાં જે કાંઈ વૈવિધ્ય જોવા મળે તે બધા જ વિષયોમાં કલાની પરખ અને નિર્માણની સૂઝ આપણા જીવનને હર્યુંભર્યું રાખે છે.

માણસ સુખની શોધમાં ભટક્યા કરે છે. અહીંથી સુખ મળશે કે ત્યાંથી ? નક્કી કરવામાં અવઢવની પરિસ્થિતિ આપણા મનને ઉચાટ કરાવે છે. આવી બધી ગડમથલમાંથી મુક્ત રહેવા માટે જે કાંઈ યુક્તિ-પ્રયુક્તિ થઈ તે બધી કલાના નામે ઓળખાય છે.

ગુફાયુગમાં જીવતો માણસ કાળક્રમે આલીશાન ઈમારતો, મહેલો, બંગલાઓમાં રહેતો થયો. અનેક સંશોધનો દ્વારા માણસ પોતાની સૂઝનો પ્રયત્ન કરાવતો રહ્યો છે. વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા જે કાંઈ શોધ કરી છે તે દરેક સંશોધનોને કલાકારોએ સુંદર કલાત્મક ઓપ આપ્યો છે. જીવનમાં વારંવાર વપરાતાં આવાં અનેક સાધનોને મનપસંદ ઘાટ આપ્યા છે.

નાનાં બાળકોને પણ સુંદરતા પ્રત્યે રુચિ હોય છે. જેમ-જેમ બાળકની બુદ્ધિનો વિકાસ થાય તેમ-તેમ તેની કલાસૂઝમાં પરિવર્તન આવે છે.

આ કલાસૂઝના અલગ અલગ તબક્કાઓને કલાની પદ્ધતિઓ તરીકે ખ્યાતિ મળી છે. જે-તે યુગના શાસકોએ કલાને અલગ-અલગ રીતે પ્રોત્સાહન આપ્યું છે. આવા યુગધારકોના સમયની કલાના પણ અલગ-અલગ પ્રકારો દર્શાવ્યા છે.

કલાકાર પોતાના સર્જન દ્વારા આનંદ મેળવે છે અને આવી સુંદર કૃતિઓ જોરનારને પણ આહ્‌લાદક આનંદની અનુભૂતિ કરાવે છે.

આપણાં બાળકોને આ ચિત્રકલાના અભ્યાસ દ્વારા મહાન કલાકાર બનાવવાનો આપણો આશય નથી. હા ! તેને કલાની પરખ કરતાં શીખવવાનો ધ્યેય ચોક્કસ છે. તેથી બાળકોની સર્જનાત્મક શક્તિની ખીલવણી કરાવવા લલિતકલાઓનો અભ્યાસ કરાવવો જરૂરી છે તે માટે કલાની વિકાસયાત્રાનો અભ્યાસ આ પુસ્તક દ્વારા આપણે કરીશું.

આપણા કલાવારસાઓ ઉપર પ્રભાવ પાડનારી સિન્ધુ સંસ્કૃતિ, મૌર્યકાલીન સંસ્કૃતિ, કૃષાણકાલીન સંસ્કૃતિ તથા ગુપ્તકાલીન સંસ્કૃતિ અને પશ્ચિમના દેશોની કલા, ગ્રીકકલા વગેરેનો અભ્યાસ આપણે આ પુસ્તક દ્વારા કરીશું.

સંસ્કૃતિ અને કલા એકબીજામાં પાણીના બે પ્રવાહની જેમ ભળી જાય છે. તેથી **કલાનો વિકાસ એ જ સંસ્કૃતિનો વિકાસ** એમ કહેવું વધારે યોગ્ય રહેશે.

ચિત્ર-સર્જન માટે ચિત્ર-સંયોજન, માનવસર્જિત પદાર્થનાં ચિત્રો, વિવિધ ભાતચિત્રો તથા દેશ-વિદેશના કલાકારો દ્વારા થયેલાં ચિત્ર-સર્જનોનો અભ્યાસ આપણે ખૂબ જ ધીરજથી કરીશું.

## શિક્ષકની પ્રવૃત્તિઓ

કલાના શિક્ષકોએ વિદ્યાર્થીઓ સમક્ષ ઉપર્યુક્ત ઉદેશોને ધ્યાનમાં રાખીને ભારતીય અને પશ્ચિમી કલાકારોનો પરિચય કરાવવો તથા તેમના ચિત્ર-સર્જનની પદ્ધતિઓનો અભ્યાસ કરાવવો.

શિલ્પ અને સ્થાપત્યનો પરિચય કરાવવા માટે જરૂરી પ્રવાસ, પર્યટનો યોજવાં તથા અજંતા-ઈલોરા જેવા કલાધામોની મુલાકાતો લેવી. ચિત્રનાં પ્રદર્શનો ગોઠવાતાં હોય ત્યાં બાળકોને લઈ જવાં. તે કૃતિઓ વિશે સમજ આપવી. સાથે-સાથે શિલ્પ-સ્થાપત્ય અને લલિત-કલાના વિષયો ઉપર વિષય-નિષ્ણાતોનાં પ્રવચનો ગોઠવવાં.

બાળકોને ચિત્રનું સર્જન કરવા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી શકાય તેવું સમજાવીને પોતાની મૌલિક કૃતિઓનું સર્જન કરતાં તેઓ થાય તેવું માર્ગદર્શન આપવું.

ચિત્ર-શિક્ષકે પોતે પણ પ્રસંગોપાત્ત ચિત્ર-સર્જન કરીને બાળકો સમક્ષ આદર્શ નમૂનાઓ રજૂ કરવા.

## વિભાગ-1 કલાનો ઈતિહાસ (History of Art)

# 1 પ્રાગ્ ઐતિહાસિક યુગની કલા (Prehistorical Art)

**(ઈ.સ. પૂર્વે 20000 થી ઈ.સ. પૂર્વે 15000)**

પૃથ્વી ઉપરના તમામ પ્રાણીઓમાં માનવપ્રાણી એક એવું પ્રાણી છે કે જેને કુદરતે બુદ્ધિશાળી મગજ આપ્યું છે અને તેથી જ માનવી સતત વિકાસ કરતો રહ્યો છે. માનવે અનેક સંશોધનો કરીને આદિમાનવમાંથી આધુનિક માનવ સુધી વિકાસ કર્યો છે.

સામાન્ય રીતે કાળનો (સમયના) બે ભાગ પાડવામાં આવ્યા છે (1) લિપિની શોધ થયા પહેલાંનો કાળ એટલે પ્રાગ્ ઐતિહાસિક કાળ અને (2) લિપિની શોધ થયા પછીનો કાળ એટલે ઐતિહાસિક કાળ. પ્રાગ્ ઐતિહાસિક યુગનો માનવી તદ્દન સાદું એટલે કે લગભગ કપી માનવ જેવું જીવન જીવતો હતો. તેથી તેને આદિમાનવ તરીકે ઓળખવામાં આવે છે.

આદિમાનવની મુખ્ય પ્રવૃત્તિ માત્ર ભૂખ સંતોષવાની હતી. તેથી તે ફળ, ફૂલ, પાન વગેરે ખાઈને કે પછી પ્રાણીઓનો શિકાર કરીને ભૂખ સંતોષતો હતો. શિકાર કરવા માટે તે પથ્થર, લાકડાં કે પ્રાણીઓનાં હાડકાંને ધારદાર કે અણીદાર બનાવતો હતો. આ ઘાટ આપવાની સૂઝ તેની પ્રાથમિક કલા-પ્રવૃત્તિ હતી.

આદિમાનવ હિંસક પ્રાણીઓથી બચવા તેમજ ગરમી, ઠંડી કે વરસાદથી રક્ષણ મેળવવા પર્વતોની ગુફામાં રહેતો હતો. કુદરતી કારણોસર જંગલમાં આગ લાગવાથી કે પછી પથ્થરો ઘડતાં તણખા ઝરવાથી તેને અગ્નિ મળ્યો હશે. અગ્નિ મળવાથી તેને ઘણો ફાયદો થયો, ઠંડીમાં હૂંફ, ગુફામાં પ્રકાશ મળ્યો. વળી કાચું ખાવાને બદલે તે શેકીને ખાવા લાગ્યો. આમ, અગ્નિ માનવીનો પ્રથમ દેવ ગણાવા લાગ્યો. અગ્નિની અત્યંત જરૂરિયાતને લીધે આદિમાનવે ગુફા પાસે અગ્નિને કાયમ સળગતો રાખ્યો. પરિણામે કોલસાના ઢગલા થવા લાગ્યા. નવરાશના સમયમાં તેણે કોલસાથી ગુફાની દીવાલો ઉપર ચિત્રો દોરવાનું શરૂ કર્યું. તેની પ્રવૃત્તિ માત્ર શિકારની હોવાથી તેણે પ્રાણીઓના તેમજ શિકારનાં ચિત્રો દોર્યાં. આવાં આદિમાનવે કરેલાં ગુફાચિત્રો આજે પણ પ્રાચીન ગુફાઓમાં મોજૂદ છે. તેનો અભ્યાસ આપણે કરીએ.

### ભારતનાં ગુફાચિત્રો (Cave Painting Of India)

ભારતમાં ઉત્તરપ્રદેશમાં આવેલી મીર્ઝાપુરની ગુફાઓ, મધ્યપ્રદેશમાં આવેલી જોગીમારાની ગુફાઓ અને ભીમબેટકાની ગુફાઓ અને વિધ્યાચળ પર્વતની મહાદેવની ટેકરીઓની ગુફાઓમાં આદિમાનવે કરેલાં પ્રાણીઓનાં ચિત્રો છે. ચિત્રો દોરનાર સિદ્ધહસ્ત કલાકારો ન હતા છતાં ચિત્રો ફોર્સવાળાં અને ભાવસભર છે. શિકારનો આનંદ વ્યક્ત કરતાં માનવપાત્રો અને શિકારનો ભોગ બનેલાં પ્રાણીઓની વેદના દર્શાવતાં ભાવવાહી ચિત્રો છે.

ચિત્રકલાની સાથે સાથે આદિમાનવે શિલ્પકલાનો પણ વિકાસ કર્યો હતો. તેના પુરાવારૂપે મળી આવેલી વિલેન ડોર્ફ નામનું સ્ત્રીનું શિલ્પ પ્રશંસનીય છે.




ભીમબેટકાના ગુફાચિત્રો



હાથી - ભીમબેટકાના ગુફાચિત્રો



પ્રાણીઓની લંગાર - ભીમબેટકાના ગુફાચિત્રો





ભીમબેટકાના ગુફાચિત્રો



ભીમબેટકાના ગુફાચિત્રો

## લાસ્કાની ગુફાનાં ચિત્રો (Cave Painting of Lascausx)

લાસ્કાની ગુફા દક્ષિણ ફ્રાન્સમાં આવેલી છે. આ ગુફામાં આદિમાનવે કરેલાં ચિત્રો સચવાઈ રહ્યાં છે. કરકરા પથ્થર ઉપર કરેલાં આ પ્રાણીઓનાં ચિત્રો મૂળ કદનાં છે. આ ચિત્રમાં જે રંગ પૂર્યાં છે તે વનસ્પતિ અને માટીમાં ચરબી ભેળવીને બનાવેલાં છે. રંગોને સાચવવા માટે પ્રાણીઓનાં શિંગડાનો ઉપયોગ થતો હતો. બલીષ્ઠ, હૃષ્ટપુષ્ટ, દોડતાં અને વેગવંતા પ્રાણીચિત્રો કલાકારના કુશળતાની સાક્ષી પૂરે છે.




લાસ્કાના ગુફાચિત્રો




રાઈનોકેરોસ - લાસ્કાની ગુફા



લાસ્કાના ગુફાચિત્રો



પ્રાણીઓ - લાસ્કાની ગુફા

લાસ્કાના ગુફાચિત્રો




લાસ્કાના ગુફાચિત્રો

### અલ્ટામીરાની ગુફાનાં ચિત્રો (Altamira)


અલ્ટામીરાની ગુફાઓ સ્પેનમાં આવેલી છે. તેમાં અલ્ટામીરાની ગુફા મુખ્ય છે. અલ્ટામીરાની ગુફામાં જૂથમાં ઊભેલાં, દોડતાં, ચરતાં તેમજ અન્ય ક્રિડામાં રત એવાં પ્રાણીચિત્રો ચોટદાર રીતે આલેખાયેલાં છે. પ્રાણીચિત્રોની સાથે માનવપાત્રોવાળાં પણ ચિત્રો છે. માનવપાત્રો લાંબા અને ગતિશીલ છે. હાથી, હરણાં, રેન્ડિયર, બાઈસન, ઘોડા, મેમથ (ઐરાવત હાથી), માછલી અને કૂતરા જેવાં અનેક પ્રાણીચિત્રો છે. તેમાં બાઈસન(Bison) નું ચિત્ર નોંધપાત્ર છે.



દોડતા પ્રાણીઓ- અલ્ટામીરાની ગુફા



મેમથ - અલ્ટામીરાની ગુફા





બાઈસન (Bison)નું ચિત્ર - અલ્ટામીરાની ગુફા



વિનસ ઑફ વિલેન ડૉર્ફનું શિલ્પ



શિકારનું દ્રશ્ય - અલ્ટામીરાની ગુફા

## સ્વાધ્યાય

**1. એક વાક્યમાં જવાબ આપો :**

(1) આદિમાનવ પોતાની ભૂખ સંતોષવા અને શિકાર કરવાં માટે કેવાં-કેવાં સાધનો વાપરતો હતો ?
(2) પુરાતન માનવ રંગો સાચવવા માટે શાનો ઉપયોગ કરતો હતો ?
(3) સ્પેનમાં કઈ ગુફામાં ચિત્રો જોવા મળે છે ?
(4) કઈ ગુફામાં પ્રાણી ચિત્રોની લંગાર જોવા મળે છે?
(5) આદિમાનવ ઠંડી, ગરમી કે વરસાદથી રક્ષણ મેળવવા ક્યાં આશ્રય લેતો હતો ?
(6) ઉત્તરપ્રદેશમાં કઈ ગુફા આવેલી છે ?

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) પ્રાગ્ ઐતિહાસિક યુગની ગુફાઓમાં ચિત્રાંકન કરવા ........નો ઉપયોગ થતો હતો.
(2) પ્રાગ્ ઐતિહાસિક સમયના માનવને ........ માનવ તરીકે ઓળખવામાં આવે છે ?
(3) પ્રાગ્ ઐતિહાસિક યુગની શિલ્પ-કલાનો ઉત્તમ નમૂનો ........ નામનું શિલ્પ છે.
(4) ભીમબેટકાની ગુફાઓ ભારતમાં......... રાજ્યમાં આવેલ છે.
(5) ફ્રાન્સની ......... ગુફાઓ ચિત્રો માટે પ્રખ્યાત છે.

**શિક્ષક-પ્રવૃત્તિ**

જુદી-જુદી ગુફાઓનાં ચિત્રો વિદ્યાર્થીઓને બતાવવાં. તેના દ્વારા જે-તે સમયના સામાજિક જીવનની માહિતીઓ આપવી.

# 2 સિંધુ સંસ્કૃતિની કલા (Indus Valley Civilization)


**ઈ.સ. પૂર્વે 3000 થી ઈ.સ. પૂર્વે 1700**

સિંધુ સંસ્કૃતિ એટલે સિંધુ નદીના તટપ્રદેશમાં વિકસેલી સંસ્કૃતિ. પ્રાચીન સંસ્કૃતિઓનો વિકાસ ખાસ કરીને નદીઓના કિનારે જ થયો હતો. કારણ કે, અગ્નિની શોધ થયા પછી માનવે ખેતી શરૂ કરી હતી. ખેતી માટે નદીનું પાણી ખૂબ જ ઉપયોગી હતું. તેથી માનવ પર્વતોની ગુફાઓ છોડીને નદીકિનારે વસવાટ કરતો થયો. આમ, નદી લોકમાતા ગણાવા લાગી અને નદીકિનારાનાં મેદાનો લોકસંસ્કૃતિનાં પારણાં બન્યાં.

પથ્થરયુગથી આજ સુધી આપણે કરેલા વિકાસોમાં માણસની સર્જનાત્મકતાની વૃત્તિનો પરિચય થાય છે.

ગુફામાં રહેતો માણસ આજે આલીશાન બહુમાળી અનેક સુખ-સાહ્યબીનાં સાધનો ધરાવતી ઇમારતોમાં રહેતો થયો છે આપણી આ વિકાસયાત્રામાં કુદરતે ક્યારેક સાથ આપ્યો છે. અને ક્યારેક તેનું રૌદ્ર સ્વરૂપ બતાવીને વિનાશ કર્યો છે. તેથી માણસ અનેક રીતે ઘડાયો છે. આ પ્રકૃતિની અઢળક લીલા સમજવા માટે આપણે આપણા ભૂતકાળને જાણવો પડશે. એ ભૂતકાળ એટલે ઇતિહાસ. ઇતિહાસના પેટાળમાં માણસે કરેલાં નવસર્જનો અને કુદરતે આપેલી થપાટોનું આબેહૂબ ચિત્રણ થયેલ છે.

હજારો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં થતી હલચલ હંમેશાં તેની રીતે નવું સર્જન અને વિસર્જનની સાક્ષી રહી છે. ક્યારેક પૃથ્વીના પેટાળને ખોદતાં કે ક્યારે કુદરતી ઊથલપાથલથી દટાઈ ગયેલી ઇમારતો, નગરો અને ખનીજદ્રવ્યો આપણા ભવ્ય ભૂતકાળની પ્રતીતિ કરાવે છે.



સુવિકસિતનગર રચના - સિંધુ સંસ્કૃતિ

સિંધુ ખીણમાં થયેલા માનવવિકાસના ઇતિહાસને આપણે આ પ્રકરણમાં સમજવા પ્રયત્ન કરીશું.

સિંધુ સંસ્કૃતિની કલાનો ઇતિહાસ ઈ.સ. પૂર્વે 3000થી ઈ.સ. પૂર્વે 1700 સુધીનો ગણાય છે. ઈ.સ. 1921માં પંજાબ પ્રાંતમાં રાવી નદીના કિનારે ખોદકામ કરતાં હડપ્પાની ટેકરીઓમાં દટાઈ ગયેલ સુઆયોજિત નગરના અવશેષો મળ્યા છે. ત્યાર બાદ ઈ.સ. 1922માં સિંધુ નદીના કિનારે આવેલા મોહન-જો-દડો (મરેલાંનો ટેકરો-Mound of the Dead) ખોદકામ કરતા કેટલાક અવશેષો મળી આવ્યા છે.

આ અવશેષો ઉપરથી આ સ્થળે પણ જગતની મિસર અને મેસોપોટેમિયાની સંસ્કૃતિ જેવી એક સુવિકસિત પ્રાચીન નગર-સંસ્કૃતિ ઉદય પામી હતી તેનો ભવ્ય ભૂતકાળ કેવો ગૌરવશાળી હતો તેનો અંદાજ લગાવી શકાય છે. આ સંસ્કૃતિનાં પ્રમુખ કેન્દ્રો મોહન-



ગટર વ્યવસ્થા - સિંધુ સંસ્કૃતિ

જો-દડો, કાલીબંગા, લોથલ, ધોલાવીરા અને હડપ્પા છે.

સિંધુ સંસ્કૃતિ જગતની મહાન સંસ્કૃતિઓમાંની એક અને પૂર્ણ રીતે વિકાસ પામેલી સંસ્કૃતિ હતી. તેમાંથી મળેલા કલાના નમૂનાઓ જોતાં તેની પહેલાં પણ કલા અને સંસ્કૃતિનો વિકાસ કેટલો ભવ્ય હતો. તેનો પરિચય થાય છે.

તે વખતની મળી આવેલી મૂર્તિઓ, વાસણોના ઘાટ અને તેની ઉપર બનાવેલી ભાત, કલાત્મક રમકડાં, પકવેલી માટીની મહોરો, હથિયારો, ઘરેણાં અને અન્ય કલાત્મક ચીજવસ્તુઓ એ વખતના વિકાસની જ નહિ પરંતુ તેમની ઊંડી કલાસૂઝની પ્રતીતિ કરાવે છે. સિંધુસંસ્કૃતિની સૌથી ધ્યાન ખેંચે તેવી બાબત તેની નગર રચના છે.

આ ભવ્ય નગરરચના આજે પણ આપણા બહુ જ શિક્ષિત ઈજનેરો અને આર્કિટેકચર્સ વિદ્વાનોને અચંબામાં મૂકી દે તેવી અદ્‌ભુત છે.

## નગરરચના (Town Planning)

સિંધુ સંસ્કૃતિના તમામ અવશેષોમાં સૌથી મહત્ત્વની અને ધ્યાન ખેંચે તેવી રચનાઓમાં તેની નગરરચના મુખ્ય છે. તમામ મકાનો પાકી ઈંટોમાંથી ચણેલાં છે. મકાનનાં બારણાં રસ્તા ઉપર પડવાને બદલે અંદરની બાજુએ છે. નવાઈની વાત તો એ છે કે, મકાનોને બારીઓ નથી. કદાચ એવી ધાર્મિક માન્યતા કે જંગલી જાતિઓના આક્રમણના ભયને લીધે એવું બન્યું હશે. મકાનો કતારબદ્ધ છે. તેમજ દરેક મકાનમાં ગટર અને મોરીની વ્યવસ્થા છે. ગંદા પાણીના નિકાલ માટે નાની ગટરો ને મોટી ગટરો સાથે જોડવામાં આવેલી છે. ગટરોની સફાઈ માટે થોડા થોડા અંતરે બાકોરાં મૂકેલાં છે, કૂવાઓ પણ ઈંટોથી ચણેલાં છે.



ગટરવ્યવસ્થા - સિંધુ સંસ્કૃતિ

આ નગર રચનામાં આજના આધુનિક અને સજાગ તંત્રને પણ આંબી જાય તેવા સુવ્યવસ્થિત રસ્તાઓનું આયોજન થયેલું જોવા મળે છે. નાના રસ્તાઓ મોટા રસ્તાને કાટખૂણે જોડાયેલા છે. જેથી રસ્તાના ચોકમાંથી જોતાં ચારે બાજુ જોઈ શકાય તેવા સીધા રસ્તાઓ જોતાં આ નગરનું વહીવટીતંત્ર કેટલું જાગૃત હશે તેનો ખ્યાલ આવે છે.

## જાહેર સ્નાનાગાર (Public Bath)

સિંધુ સંસ્કૃતિના અવશેષોમાં એક સુંદર સ્નાનાગાર પણ જોવા મળ્યું છે. ખોદકામ કરતાં આ જાહેર સ્નાનાગાર લગભગ 7.5 મીટર ઊંડું, 12 મીટર પહોળું અને 17.5 મીટર લાંબુ છે. પાણી સુધી જવા માટે ચારે બાજુ સુંદર પથ્થરોથી બનેલાં પગથિયાં છે. વળી, સ્નાન કર્યા પછી કપડાં બદલવા માટે નાની-નાની ઓરડીઓ પણ જોવા મળે છે.



જાહેર સ્નાનાગાર - સિંધુ સંસ્કૃતિ

સ્નાનાગારમાંથી ગંદા પાણીના નિકાલ માટે તળિયે બાકોરાં અને નવું પાણી ભરવા માટે નાળાની વ્યવસ્થા છે.

આ સ્નાનાગારનો ઉપયોગ પ્રસંગોપાત ધાર્મિક કે સામાજિક મેળાવડા વખતે સમૂહમાં સ્નાન કરવા માટે થતો હશે તેમ લાગે છે. ત્યાંના લોકો કલા અને સ્વચ્છતાના ઉપાસક હશે તેની પ્રતીતિ સ્નાનાગારને જોઈને થાય છે.

## માટીનાં વાસણો ઉપરની ચિત્રકલા


સિંધુ સંસ્કૃતિમાંથી મળેલા અવશેષોમાં માટીનાં વાસણો ઉપર કરેલા ચિત્રાંકન બેનમૂન છે. આ માટીનાં વાસણો ઉપર ફૂલપાનના આકારોવાળી ભાતરચના જોવા મળે છે. ભૌમિતિક આકારોવાળી અને ક્યાંક અનિયમિત આકારોવાળી પુનરાંકનયુક્ત ભાતરચના વાસણોને કલાત્મક ઓપ આપે છે.

## પકવેલી માટીની તકતીઓ (ખડી મુદ્રાઓ-Baked clay)

સિંધુ ખીણની સંસ્કૃતિનો અભ્યાસ કરતા આપણા મીમાંસકોએ નોંધ્યું છે કે, અહીંના અવશેષોમાં માટીની તકતીઓ (ખડીમુદ્રાઓ) પણ મળી આવી છે. આ તકતીઓ ઉપર પ્રાણીઓ અને માનવીના આકારો ઉપસાવેલા છે. જેમાં બળદ, ઘોડા, વાઘ, હાથી વગેરે પ્રાણીઓના આકારો વિશેષ જોવા મળે છે.







માટીની તકતીઓ - સિંધુ સંસ્કૃતિ

શિંગડાવાળા દેવ, પૂંછડીવાળા દેવ, માનવપાત્રો તથા ખૂંધવાળો બલિષ્ઠ આખલો વગેરે મુદ્રાઓથી અલંકૃત પકવેલી માટીની તકતીઓ તે સમયના કલાસર્જકોની કોઠાસૂઝ અને કલાપ્રીતિના સંભારણા સ્વરૂપ ગૌરવશાળી છે.

અહીં મળી આવતાં અન્ય શિલ્પો માટીમાં, પથ્થરમાં અને ક્યાંક ધાતુમાં બનાવેલાં છે, જે જોઈને તે સમયની ધાતુ-મિશ્રણની કલા તથા શિલ્પ-સ્થાપત્યની કલાનો પરિચય થાય છે.

## દાઢીવાળા પુરુષનું ધડ (A half man with heard)

અહીંથી દાઢીવાળા એક પુરુષના ધડનું શિલ્પ મળી આવ્યું છે. તેની ઊંચાઈ 18 સે.મી. છે. આ શિલ્પમાં દાઢી છે પણ મૂછો નથી. જમણા ખભા નીચેથી ડાબા ખભે નાંખેલી શાલ દૃષ્ટિગોચર થાય છે. આ શાલ ઉપર કપડાંની ભાત કોતરેલી છે. તેની આંખો અર્ધખુલ્લી બતાવીને કલાકારોએ તે વખતની ધ્યાનની મુદ્રાઓના આધારે આધ્યાત્મિક ઊંચાઈનો ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે.




દાઢીવાળા પુરુષનું શિલ્પ - સિંધુ સંસ્કૃતિ

### ધાતુની નર્તકી (Metalic Dancer)

અહીંથી મળેલી ધાતુની નર્તકીનું શિલ્પ તે સમયમાં થયેલા ધાતુસર્જનના જ્ઞાનવિકાસની પ્રતીતિ કરાવે છે.

આ સમયમાં ધાતુને ગરમ કરીને બીબામાં ઢાળવાની કલાનો વિકાસ થયો હશે. આ નર્તકી લગભગ 12 સે.મી.ની ઊંચાઈવાળી છે. તેનો જમણો હાથ કમર ઉપર છે. ડાબો હાથ બંગડીઓથી ભરેલો છે. વાળ વ્યવસ્થિત ઓળેલા છે અને કલાત્મક અંબોડો વાળેલો છે. અંબોડામાં ફૂલ ગૂંથેલાં છે. તેના ગળામાં કલાત્મક હાર છે. અંગભંગી નર્તકી જેવી છે. આ મૂર્તિ ઊભા રહેવાની નૃત્યશૈલીની યાદ અપાવે તેવો ધાતુકલાનો ઉત્તમ નમૂનો છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.



ધાતુની નર્તકી- સિંધુ સંસ્કૃતિ

### રમકડાનાં અવશેષો (Toys)

અહીંથી મળેલાં રમકડાંમાં કેટલાંક અપૂર્ણ છે તો કેટલાંક પૂર્ણ છે. માટીની સિસોટી, ચડઊતર કરતો વાંદરો, બળદ-ગાડું વગેરે નમૂના મુખ્ય છે. કેટલાંક કલાત્મક રમકડાં બાળકોએ જાતે બનાવેલાં હોય તેવાં છે. કારણ કે તેનાં ઉપર બાળકોના અંગૂઠાની છાપ જોવા મળે છે.







સિંધુ સંસ્કૃતિના લોકો બાળમાનસ સમજનાર અને બાળકોને મનોરંજન પૂરું પાડવાના માહિર હશે અને તે માટે ઉચિત કાળજી લેનારા હશે. તેવું આ માટીનાં રમકડાં જોતાં જણાય છે. આ સમયના લોકોએ માટીનો કલાત્મક ઉપયોગ કર્યો છે.





રમકડાં - સિંધુ સંસ્કૃતિ

### ઘરેણાના અવશેષો (Jewellery)

સિંધુ સંસ્કૃતિના લોકોમાં ઘરેણાં પહેરવાનો શોખ કે રિવાજ હશે. તેના પુરાવા રૂપે કેટલાંક ઘરેણાંના અવશેષો જોવા મળ્યા છે. તેમાં કેટલાક કિંમતી ધાતુના મણકાવાળા, કેટલાક પથ્થરના મણકાવાળા તો કેટલાક શંખલા-છીપલાં વગેરેમાંથી પણ બનાવેલા છે. આ ઘરેણાંમાં કેટલાક કાનમાં, ગળામાં, પગમાં, હાથમાં પહેરવા માટેનાં છે. કલાની દૃષ્ટિએ ઘરેણાં વિવિધ અને કલાત્મક છે તે કલાનો વિકાસ સૂચવે છે.





ઘરેણાંના અવશેષો - સિંધુ સંસ્કૃતિ

## સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) પ્રાચીન સંસ્કૃતિનો વિકાસ ક્યાં થયો હતો ?
(A) પહાડ ઉપર (B) જંગલમાં (C) નદીકિનારે (D) રણપ્રદેશમાં

(2) સિંધુ સંસ્કૃતિની ધ્યાન ખેંચે તેવી બાબત કઈ છે ?
(A) પશુઓનાં ચિત્રણ (B) નગરરચના (C) મનુષ્યાકૃતિ (D) બગીચા

(3) સિંધુ સંસ્કૃતિના લોકો બાળ માનસ સમજનાર હતા તેવુ શેના ઉપરથી લાગે છે ?
(A) ઘરેણાં (B) નગરરચના (C) રમકડાં (D) નર્તકી

(4) સિંધુ સંસ્કૃતિ કઇ નદીના કિનારેથી મળી છે ?
(A) રાણી (B) સિંધુ (C) ગંગા (D) યમુના

(5) સિંધુ સંસ્કૃતિના લોકો સ્વચ્છતાના ઉપાસક હતા તેવુ શેના ઉપરથી લાગે છે ?
(A) ઘરેણાં (B) નર્તકી (C) રમકડાં (D) સ્નાનાગાર

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) તકતીઓ ઉપર પ્રાણીઓ અને માનવઆકારો કંઈ સંસ્કૃતિમાં જોવા મળે છે ?
(2) માટીનાં વાસણો ઉપર ફૂલપાન અને ભૌમિતિક આકારોવાળી ભાતરચના કઈ સંસ્કૃતિમાં જોવા મળે છે ?
(3) સિંધુ સંસ્કૃતિનાં વાસણો શામાંથી બનેલાં છે ?
(4) સિંધુ સંસ્કૃતિનો ધાતુકલાનો ઉત્તમ નમુનો કયો છે ?
(5) ખડીમુદ્રાનો અર્થ શું થાય છે ?



# 3 મૌર્યકાલીન કલા (Ancient Mauryan Art)

**ઈ.સ. પૂર્વે 322 થી 185**

ભારતીય કલાના ઇતિહાસમાં મૌર્યકાળ, શિલ્પ અને સ્થાપત્યકલા માટે શ્રેષ્ઠ સમય ગણાય છે. હિન્દુ ધર્મમાં રૂઢિચુસ્તતાને કારણે ધાર્મિક ચળવળ શરૂ થઈ. તેમાં જૈન અને બૌદ્ધધર્મનો ઉદય થયો. મૌર્યવંશના રાજાના સમયમાં થયેલાં શિલ્પ-સ્થાપત્યોને ‘મૌર્યકાલીન કલા’ તરીકે ઓળખવામાં આવે છે. તેના આદ્યસ્થાપક ચંદ્રગુપ્ત મૌર્ય છે. તેના પૌત્ર સમ્રાટ અશોકના સમયમાં શિલાલેખો, શિલાસ્તંભો, સ્તૂપો, વિહારો અને શિલ્પનું સર્જન થયું. તેનાં શિલ્પોમાં પ્રાણીઓ, માનવ, પક્ષીઓ, યક્ષ વગેરે પૂર્ણ સ્વરૂપમાં જોવા મળે છે. આ શિલ્પ-સ્થાપત્યો ઈંટો, લાકડાં, પથ્થર અને ધાતુમાં જોવા મળે છે. જેમાં સિંહસ્તંભ, વૃષભસ્તંભ, પરખામનો યક્ષ, દિદારગંજની ચામરધારિણી, ભારહૂતનો સ્તૂપ, સાંચીનો સ્તૂપ અને શિલાલેખોના નમૂનાઓ મળી આવ્યા છે. આ નમૂનાઓ સારનાથ, કોલકત્તા, દિલ્હી, મથુરા, મધ્યપ્રદેશ અને વિદેશના મ્યુઝિયમમાં જોવા મળે છે.

મૌર્યકાલીન સમ્રાટ અશોકનું કલિંગના યુદ્ધ પછી હૃદય-પરિવર્તન થયું. તેમણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો અને બૌદ્ધધર્મને રાજ્ય ધર્મ બનાવ્યો. તેથી બૌદ્ધધર્મનાં સ્તૂપો, મઠ, ચૈત્યો, વિહાર અને સ્તંભોનું સર્જન ખૂબ ઝડપથી થવા લાગ્યું. જેના વિશે આપણે વધુ માહિતી જાણીએ.

## મૌર્યકાલીન સમયમાં થયેલ શિલ્પ-સ્થાપત્યો

### ધાતુના સિક્કા



મૌર્યકાલીન સિક્કાઓ

આ મૌર્યકાલીન સમયમાં વેપાર માટે વિનિમય પદ્ધતિનો સરળતાથી ઉપયોગ થઈ શકે તે માટે ધાતુના સિક્કાની શરૂઆત થઈ. સુવર્ણ મુદ્રા ખૂબ સુંદર સિક્કાઓ ઉપર પંચ ચિહ્ન આકારો ઉપસાવવામાં આવ્યા છે. તે સમયમાં મુદ્રાઓનો શાસકોના પ્રતિક તરીકે ઉપયોગ થતો હતો. તો કેટલાક સિક્કા ઉપર પ્રાણીઓ, દેવ-દેવીઓની આકૃતિઓ ઉપસાવવામાં આવી છે. આવા સિક્કાઓ ભારતીય શિલ્પકલામાં એક આગવું સ્થાન ધરાવે છે.

### શિલાલેખો (Stone Inscriptions)

સમ્રાટ અશોકે કેટલાંક પ્રસંગો યાદગાર બની રહે તે માટે તેની નોંધને વિવિધ શિલાલેખો પર કોતરાવ્યા. આ પ્રકારના શિલાલેખો હાલમાં જૂનાગઢમાં જોવા મળે છે. આ શિલાલેખોને બ્રાહ્મીલિપિમાં લખવામાં આવ્યા છે. જેમાં બૌદ્ધધર્મની પ્રેરક કથાઓ, પ્રસંગો અને વેદોનો સમાવેશ કરેલ છે. જેથી મૌર્યકાલીન કલાને વૈદિક કલા કહે છે. ભારતીય કલાનો મહત્ત્વનો કાળ એટલે મૌર્યકાલીન કલાનો કાળ ગણાય છે.



મૌર્યકાલીન શિલાલેખ

**શિલાસ્તંભો(Stone Pillar) :**

મૌર્યકાલીન કલાની ઓળખ એટલે તે સમયમાં થયેલા શિલાસ્તંભો, શિલાલેખો અને સ્તૂપો છે. તેમાં બૌદ્ધ ધર્મની જાહોજલાલી જોવા મળે છે. આ શિલાસ્તંભો પથ્થર અને ધાતુઓમાંથી બનાવવામાં આવેલા છે. આ સ્તંભો અશોકની રાજ્યનીતિનું સૂચક પ્રતીક છે.

**સિંહ સ્તંભ (સારનાથનો સ્તંભ) (Lion Capital))**

સારનાથમાં આવેલા મૌર્યકાલીન સિંહ સ્તંભનું શિલ્પ વિશ્વમાં શિલ્પ કલાક્ષેત્રે ઉત્તમ રચના તરીકે ગૌરવભરેલું સ્થાન ધરાવે છે. આ સ્તંભ ઉપર ઊંધા કમળની ઉપર ચાર દિશામાં ચૌમુખવાળા ગર્જના કરતા સિંહો, તેની નીચે દોડતા ઘોડા અને બળદની આકૃતિ છે. તેમાં વચ્ચે ચોવીસ આરાવાળું ચક્ર છે.

આ શિલાસ્તંભો ઉપર કોતરેલા ચાર સિંહોની આકૃતિને(શિલ્પકૃતિ) આપણી ભારત સરકારે પોતાની રાષ્ટ્રમુદ્રા બનાવી છે અને ચોવીસ આરાવાળા ચક્રને ભારતીય રાષ્ટ્રધ્વજમાં મહત્ત્વનું સ્થાન આપેલું છે.



સિંહસ્તંભ - સારનાથ



વૃષભનું શિલ્પ

**વૃષભ સ્તંભ (રામપુરવા) (Bull Capital Rampurwa)**

મૌર્યકાલીન સમયમાં શિલાસ્તંભોના વૃષભસ્તંભોમાં વાસ્તવિકતાનું નિરૂપણ જોવા મળે છે. આ શિલ્પમાં પ્રાણીઓના સ્નાયુઓ બતાવવાની રીત ઈરાન અને ઈરાકમાં જોવા મળતી હતી. તે અહીં પણ રજૂ થઈ છે. ભારતીય શિલ્પકારે આ શિલ્પમાં પ્રાણીઓના અંગમરોડની વાસ્તવિકતા સુંદર રીતે રજૂ કરી છે. વૃષભના શિલ્પમાં ઊંધા કમળવાળી બેઠક ઉપર વૃષભ (આખલાનું) શિલ્પ મૂકવામાં આવ્યું છે જેમાં શિલ્પકારની નિપૂણતાનો પરિચય થાય છે.

**પરખામનો યક્ષ (Parkhamno Yaksh)**

મૌર્ય યુગમાં યક્ષ-યક્ષિણીનાં શિલ્પ સુંદર અને અમૂલ્ય છે. પરખામના યક્ષનું કદ વિશાળ છે અને ચારેય બાજુથી તૈયાર કરેલ છે. આ શિલ્પમાં માનવનાં કદ, ઘનતા અને તાકાત-સૌંદર્યનાં દર્શન થાય છે. તેના બલિષ્ઠ દેહ અને તેના પહેરવેશ ઉપરથી તે સમયના ગ્રામ્યજીવનનો ખ્યાલ આવે છે. આ શિલ્પ મથુરા પાસેથી મળી આવેલ છે. તેની ઊંચાઈ 104 ઈંચ છે અને તે મથુરાના મ્યુઝિયમમાં જોવા મળે છે.



પરખામનો યક્ષ

## ચામર ધારિણી (Chamar Dharini)

દિદારગંજમાંથી મળી આવેલ ચામર ધારિણીનું શિલ્પ મૌર્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ સ્ત્રીના શિલ્પમાં પુષ્ટદેહ, સપ્રમાણ કટીઅંગો, ભરાવદાર વક્ષસ્થળ, નીચે પહેરેલાં કરચલીઓ (વલ્લીઓ)વાળાં વસ્ત્રો સુંદર રીતે રજૂ થયેલ છે. આ શિલ્પમાં નારીદેહનો આદર્શ મુકાયો છે. માતૃત્વના પ્રતીક નારીના આ શિલ્પમાં કલાકાર, શિલ્પકલાની ઉત્કૃષ્ટતાનાં દર્શન કરાવ્યાં છે. માતૃત્વ સ્વરૂપે જે જીવન આપે છે, જે જીવન ધારણ કરે છે અને જે જીવનને ચાહે છે તેવા નારી સ્વરૂપને શિલ્પકારે સન્માન આપ્યું છે.



દિદારગંજની ચામર ધારીણી

## સ્તૂપ (Stupa)

બૌદ્ધધર્મના અવશેષોને સાચવી રાખવા સ્તૂપોની રચના થઈ હતી. મૌર્યવંશના છેલ્લા રાજાને હરાવીને પુષ્પમિત્ર શૃંગરાજા ગાદીએ બેઠો. તેમના શાસનકાળ દરમિયાન સ્તૂપો, વિહારો અને ચૈત્યોનું નિર્માણ થયું તેમાં ભારહૂતનો અને સાંચીનો સ્તૂપ નોંધપાત્ર ગણાય છે.

સ્તૂપ એટલે ગોળ પાયા ઉપર અર્ધગોળાકારનું ઊંધા વાટકાના આકારનું સ્થાપત્ય.


આ સ્તૂપમાં ધર્મના ઉપદેશકો, ધાતુપાત્રમાં તેનાં લખાણોંને જમીનમાં દાટીને તેના ઉપર અર્ધગોળાકાર (બિલાડીના ટોપ જેવું) ઘાટ જેવું ચણતર કરીને સ્તૂપ બનાવવામાં આવે છે. આ સ્તૂપો મૌર્યકાલીન કલાની એક અદ્વિતીય સિદ્ધિ ગણાય છે.

## ભારહુતનો સ્તૂપ (Stupa of Bharhut) (ઈ.સ. પૂર્વે બીજી સદી)

ભારહુતના સ્તૂપના અવશેષો મધ્યપ્રદેશના નાગોદ જિલ્લાના અલ્હાબાદ અને જબલપુરની વચ્ચેથી મળ્યા છે. સ્તૂપની ફરતે વાડ (રેલિંગ) ચણેલી છે. તેમાં કલાત્મક કમાનો અને તોરણોવાળા પ્રવેશદ્વાર છે. અહીંનાં તોરણો સ્તૂપની શોભા વધારે છે. સ્તૂપમાં બુદ્ધના જીવનપ્રસંગો, જાતક કથાઓ, યક્ષ-યક્ષિણીઓના દાતાયુગલોનાં



ભારહુતનો સ્તૂપ



ભારહુતની વૃક્ષિકા

શિલ્પ તેમજ ફૂલ-પાન, વેલીઓનું સુંદર નિરૂપણ થયું છે. અહીં શિલ્પકારે મન મૂકીને વાસ્તવિકતા દર્શાવી છે. દરવાજાના થાંભલા પર મૌર્ય શાસનની રીતિ પ્રમાણે આખલો-સિંહ મુકાયેલા જોવા મળે છે. ભારહૂતની  કલા તો મૌર્યકાલીન સમાજની લોકકલા છે. તેના અવશેષો મદ્રાસના મ્યુઝિયમમાં સચવાયા છે.

**સાંચીનો સ્તૂપ (Stupa of Sanchi)  (ઈ.સ. પૂર્વે પહેલી સદી)**

ભારતના મધ્યપ્રદેશ રાજ્યમાં વિંધ્યાચળ પર્વતની ગિરિમાળાઓમાં સાંચીનો સ્તૂપ આવેલો છે. આ સ્તૂપનું મૂળ નામ બોતશ્રી પર્વત હતું. સમય જતાં તેનું નામ શાંતિપર્વત અને તેમાંથી સાંચીપર્વત નામ પડ્યું. આ સ્તૂપ ઈંટો, માટી અને લાકડાંમાંથી બનાવ્યો. ત્યાર બાદ તેને પથ્થરમાંથી બનાવ્યો છે. આ સ્તૂપ સમ્રાટ અશોકે બનાવ્યો હતો. સ્તૂપની ચારે બાજુ વાડ અને તેમાં ચાર દરવાજા અને તોરણો છે.



સાંચીના સ્તૂપનું પ્રવેશદ્વાર



સાંચીના સ્તૂપનું પ્રવેશદ્વાર ઉપરનું શિલ્પકામ



સાંચીનો સ્તૂપ

આ સ્તૂપમાં બૌદ્ધધર્મની જાતકકથાઓ, પ્રસંગો, વરઘોડો, વૃક્ષવેલાનાં પાન, પ્રાણીઓ અને માનવ- સમુદાય અહીંના વિશિષ્ટ શિલ્પો છે. અહીંનાં શિલ્પોમાં પુરુષોને માથે પાઘડી, ધોતીનો પહેરવેશ, યક્ષિણીઓ, માતૃત્વના પ્રતીક સમી, ભરેલાં દેહવાળાં પાત્રો, લયમુક્ત નયનરમ્ય શિલ્પો અદ્‌ભુત છે. અહીં બુદ્ધની પ્રતિમા નથી, પરંતુ બૌદ્ધધર્મના પ્રતીકરૂપી સંદેશો આપતા હાથી, કમળ, હંસના શિલ્પ દ્વારા ત્યાગ, નિઃસ્વાર્થ, જ્ઞાનપ્રકાશ અને ધર્મચક્ર વગેરેનાં કલાત્મક શિલ્પો છે. આ સ્તૂપ લગભગ 120 ફૂટની ઊંચાઈ ધરાવે છે. આ સ્તૂપ નજીક સાંચીનું મ્યુઝિયમ છે જે જોવાલાયક છે.

## સ્વાધ્યાય

**1. ખાલીજગ્યા પૂરો :**

(1) મૌર્યકાલના સ્થાપત્યમાં પ્રાણીઓ, માનવ અને પક્ષીઓના.........જોવા મળે છે.

(2) કલિંગના યુદ્ધ પછી સમ્રાટ અશોકે.........ધર્મ ધારણ કર્યો હતો ?

(3) દિદારગંજની............શિલ્પકૃતિ મૌર્યકાલીન છે.

(4) સારનાથ સ્તંભ ઉપર.........આરાવાળું ચક્ર છે.

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) કયા યુદ્ધ પછી અશોકનું ધર્મ પરિવર્તન થયું ?


(2) મૌર્ય કાલીન કલાને વૈદિક કલા કેમ કહે છે ?


(3) ભારત સરકારે કઈ શિલ્પકૃતિને પોતાની રાષ્ટ્રમુદ્રા બનાવી છે?

(4) પરખામના યક્ષનું શિલ્પ હાલમાં કયા મ્યુઝીયમમાં જોવા મળે છે ?

(5) સાંચીના સ્તૂપનું મૂળનામ શું હતું ?

•





# 4 કુષાણકાલીન કલા (Ancient Krushan Art)

**ઈ.સ. 1લી થી 3જી સદી**

ગાંધાર પ્રદેશમાં મૌર્યવંશના છેલ્લા રાજા બૃહદસ્થને હરાવીને પુષ્પમિત્ર શૃંગ ગાદીએ આવ્યો હતો અને શૃંગવંશની સ્થાપના કરી હતી. શૃંગવંશનો શાસનકાળ પૂરો થતાં કુષાણોએ પોતાનાં રાજ્યો સ્થાપ્યાં હતાં અને ગાંધાર પ્રદેશમાં સ્થિર થયા હતાં.

કુષાણવંશના સમ્રાટોના સમયમાં વિકસેલી કલા કુષાણકલા તરીકે ઓળખાય છે. કુષાણો મૂળ મધ્ય એશિયાની ભટકતી યુએચી જાતિના હતા. મધ્ય એશિયામાંથી આગળ વધતા-વધતા કુષાણો છેક ભારતની વાયવ્ય સરહદે આવેલા. ગાંધાર (કંદહાર) પ્રદેશમાં આવી પહોંચ્યા હતા.

ભારતમાં સ્થાયી થવાથી કુષાણો ભારતના ધર્મો અને કલા પ્રત્યે વધુ ને વધુ આકર્ષાયા હતા. ઈ.સ. 120માં ગાદીએ આવેલા કુષાણવંશના સૌથી પ્રતાપી રાજા કનિષ્કએ તો બૌદ્ધધર્મ અંગીકાર કરી લીધો હતો. તેથી બૌદ્ધધર્મ રાજ્ય ધર્મ બન્યો હતો. પરિણામે બૌદ્ધધર્મનાં શિલ્પો આ સમયમાં વધુ થયાં હતાં. કુષાણકાલીન કલાનો બે પ્રકારે વિકાસ થયો હતો : ગાંધાર શૈલી અને મથુરા શૈલી.

## ગાંધાર શૈલીના શિલ્પો

આ શૈલી કુષાણોના સમયમાં ગાંધાર પ્રદેશમાં વિકસી હોવાથી ગાંધારશૈલી તરીકે ઓળખાય છે. આ ગાંધાર (કંદહાર) ઈ.સ. પૂર્વે ગ્રીક સરદારોના હાથમાં હતું. ઈ.સ. પૂર્વ 327માં સિંકદરે ભારત પર ચઢાઈ કરી હતી. તે પાછો ગયો ત્યારે તેના સરદારો ભારતમાં હતા. આ સરદારો જીતેલા વિસ્તારના અધિપતિ થયા. આ ગ્રીકો માનવ કે દેવમૂર્તિ બનાવતા, તેમના દેવ એપોલોની જેવી બુદ્ધ મૂર્તિ બનાવી. ગાંધાર શૈલીનાં શિલ્પોમાં કૃષાણકલાની વધુ અસર છે ગાંધારશૈલી એટલે ગ્રીક કલાશૈલી અને ભારતીય વિચારધારાનું મિલન આ કલામાં દૈવીતત્ત્વ ઓછું છે અને દુન્યવી તત્ત્વ વધુ છે. મૂર્તિઓ અક્કડ ભાવ દર્શાવે છે. અહીં બુદ્ધને મૂછોવાળા બતાવવામાં આવ્યા છે. તેમના ચહેરા ઉપર કઠોર ભાવ જોવા મળે છે.


ઊભેલા બોધિસત્વ-ગાંધારકલા


કુષાણરાજા કનિષ્કનું શિલ્પ

## મથુરા શૈલીનાં શિલ્પો

કુષાણના સમયમાં મથુરાના પ્રદેશમાં શિલ્પકલાનો વિકાસ થયો હતો. આ શૈલી મથુરા શૈલી તરીકે ઓળખાય છે. મથુરા શૈલીનાં શિલ્પોમાં ભારતીય તત્ત્વ વધુ છે. તેથી દૈવીભાવ, કરુણા અને દયાનાં દર્શન આ શિલ્પોમાં થાય છે. આ શૈલીમાં થયેલા સારનાથના બેઠેલા બુદ્ધ અને મથુરા શૈલી ઊભેલી બુદ્ધની મૂર્તિઓ ઉત્તમ નમૂના છે. સારનાથના બુદ્ધમાં કલાકારે અંતરના ભાવ દર્શાવીને પોતાની કુશળતાનો પરિચય કરાવ્યો છે. મસ્તક પાછળનું આભામંડળ અલૌકિક વાતાવરણ બતાવે છે.

મથુરા શૈલીનો બીજો નમૂનો ઊભેલા બુદ્ધ છે. આ મૂર્તિમાં બુદ્ધના પહેરવેશમાં લય અને તાલબદ્ધ કરચલીઓ ઉપસાવીને પારદર્શક વસ્ત્ર બતાવવાનો કલાકારે પ્રયત્ન કરેલો છે. આમ, આ સમયની કલા ખરેખર ચરમસીમાએ પહોંચી હતી.

મથુરા તેની બુદ્ધમૂર્તિ માટે જેટલું જાણીતું છે તેટલું જ તેની યક્ષિણીઓ માટે પણ ખરું. આ સ્ત્રી (યક્ષિણી) મૂર્તિ જેવી હૃષ્ટપુષ્ટ દેહવાળી અવનવી છટામાં લટકાથી ઊભેલી ઓછા વસ્ત્રોવાળી આવી યક્ષિણીઓ નારીદેહને પૂર્ણરૂપે નિરૂપે છે.



સારનાથના બેઠેલા બુદ્ધ



ઊભેલા બોધિસત્ત્વ - ગાંધાર કલા



મથુરાના ઊભેલા બુદ્ધ

### કાર્લાની ગુફાઓ

કાર્લા મહારાષ્ટ્રમાં પૂણે નજીક મુંબઈથી દક્ષિણ પૂર્વમાં આવેલું છે. કાર્લાની ગુફાઓ આંધ્ર સમયનું ઉત્તમ સ્થાપત્ય ગણાવી શકાય. પથ્થરને ભેદીને ઊંડે જઈ હોલ બાંધ્યો છે, જે ભારતીય શિલ્પકારોની આગવી રીત છે. કલાકારે શિલ્પને






દાતા યુગલ (Donor Couple) - કાર્લાની ગુફા

ઘડતા હોય તેમ જગ્યાને ઘડી છે. તેની બહાર સુંદર શિલ્પકૃતિઓ અને અંદર લાકડાની છાપ ઊભી કરતું સ્થાપત્ય છે. તેમાં અશોકના (Bull Capital) ઊંધા કમળની પાંદડીવાળી બેઠક પ્રકારના થાંભલા છે. પ્રત્યેક હાથી પર આરૂઢ યુગલોનાં શિલ્પો આવેલાં છે.

અહીં ચૈત્યગુફા બે માળની છે. પ્રવેશદ્વાર કોતરણીથી ખીચોખીચ ભરેલા છે. ઉપરના મજલે (માળે) કાષ્ટકામ કરેલી બારીઓ આવેલી છે. આ વિશાળ ખંડના અંતમાં સ્તૂપ છે. તે લગભગ 124 ફૂટ પહોળો અને 15 ફૂટ ઊંચો છે. અહીં બહારના ભાગ પર અને માળ પર અનેક યુગલોનાં શિલ્પ છે. જ્યારે મધ્ય ભાગમાં હાથીઓ પર બેઠેલા 'દાતા યુગલ'નાં શિલ્પો જોવાં મળે છે. અહીનાં શિલ્પો જીવનનું નર્તન રજૂ કરે છે. તેના અંગમરોડ અદ્ભુત છે અને શરીર-સૌષ્ઠવ પૂર્ણતાએ છે. આ શિલ્પોના માનવપાત્રોને ઓછાંમાં ઓછાં વસ્ત્રો અને પુષ્ટ શરીર છે, જે પ્રદેશના આદિવાસી જીવનશૈલીનું સૂચન કરે છે.

## સ્વાધ્યાય

### 1. એક વાક્યમાં જવાબ આપો :

(1) શૃગવંશની સ્થાપના કોણે કરી હતી ?

(2) કુષાણો મૂળ ક્યાંના વતની હતા ?

(3) કુષાણ કલાના કુલ કેટલા પ્રકાર છે ?

(4) કંઈ કલામાં બુદ્ધને મૂછોવાળા બતાવવામાં આવ્યા છે.

(5) કાર્લાની ગુફાઓ કયા રાજ્યમાં આવેલી છે ?

(6) કનિષ્કે કયા ધર્મનો અંગીકાર કર્યો હતો ?

### 2. ખાલી જગ્યા પૂરો :

(1) ........ શિલ્પ નારીદેહને પૂર્ણરૂપે નિરૂપે છે.

(2) મથુરા શૈલીમાં શિલ્પોમાં ........ તત્ત્વ વધુ છે.

(3) કાર્લાના ચૈત્ય ........ માળના છે.

(4) ........ની ગુફામાં આદિવાસી જીવનશૈલીનું સૂચન થાય છે.

(5) દાતા યુગલો ........ ઉપર બેઠેલાં જોવા મળે છે.

•



# 5 ગુપ્તકાલીન કલા (Aacient Gupta Art)

**ઈ.સ. 320થી ઈ.સ. 600**

ગુપ્ત સમયમાં સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકલાનું સર્જન તે વખતના કલાકારોની કોઠાસૂઝ, દીર્ઘદૃષ્ટિ અને કલા પ્રત્યેની અભિરુચિનો પરિચય કરાવે છે.



અજંતાની ગુફાનું મુખ્ય પ્રવેશદ્વાર ગુફા નં.19

ગુપ્ત રાજાઓ કલાના ચાહક હોવાથી કલાકારોને પોતાની કલા વિકસાવવા સંપૂર્ણ સ્વતંત્રતા મળી હતી જેથી, અનેકવિધ કલાઓ પરાકાષ્ટા પર પહોંચી.

આ સમયમાં બૌદ્ધધર્મની સાથે-સાથે કલાનો વિકાસ મધ્ય એશિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, ચીન, જાપાન, બાલી, જાવા, સુમાત્રા, બોર્નિયા તથા બ્રહ્મદેશમાં થયો હતો. ઉજ્જૈનની આસપાસ પણ ગુપ્તકલાના અવશેષો મળ્યા છે જેમાં ઉજ્જૈન નગરીનું લોકજીવન આલેખાયેલું છે.

ગુપ્તશૈલીનાં ઉત્તમ સર્જનો ધર્મ સાથે જોડાયેલાં છે. જેમાં બૌદ્ધધર્મ વધુ પ્રવર્તમાન હોવાથી તેનાં સર્જનોમાં ઉત્તમ બુદ્ધમૂર્તિ મથુરાના બુદ્ધ અને સારનાથની મૂર્તિ અદ્વિતીય છે. આ કલાકારો વર્ષોથી મહેનત કરીને મૂર્તિઓના મુખ ઉપર જે ભાવ લાવવા મથતા હતા, તેમાં સફળ થતા જોવા મળે છે. તેના ફળસ્વરૂપે મૂર્તિઓમાં ભવ્યતા અને દિવ્યતાનું દર્શન થાય છે.

ઈન્ડોનેશિયાના જાવામાં બોરો-બુદુરમાં એક મંદિરમાં આવેલી 'પ્રજ્ઞાપારમિતા'ની મૂર્તિ ગુપ્તકલાનો ઉત્તમ નમૂનો છે.

**'પ્રજ્ઞાપારમિતા' એટલે પરમ જ્ઞાનની ચરમસીમા**

આ મૂર્તિ ભગવાન બુદ્ધની હોવા છતાં આત્માની અનંત શક્તિ અને ભાવ કલાકારે નારીદેહમાં રજૂ કર્યો છે. તેથી આ મૂર્તિમાં જ્ઞાનની દેવી સરસ્વતીનાં દર્શન થાય છે.

સંસ્કૃત સાહિત્યના મહાન સર્જક મહાકવિ કાલિદાસ પણ આ સમયમાં થઈ ગયા.

આ સમયના ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત અને વિક્રમાદિત્ય જેવા મહાપરાક્રમી રાજાઓએ પોતાના રાજ્યનો ખૂબ જ વિસ્તાર કર્યો હતો. મેવાડ, ગુજરાત અને કાઠિયાવાડ જેવાં સમૃદ્ધ રાજ્યોમાં વેપાર વધારીને ધન-વૈભવ વધાર્યો.

પ્રજા અને રાજા શાંતિપ્રિય હતા. આમ, જનતા સુખ-શાંતિથી હળીમળીને રહેતી હતી તેથી ગુપ્તકાળને ભારતના ઈતિહાસનો સુવર્ણ યુગ કહેવાય છે.

ભારતની યાત્રાએ આવેલા ચીની યાત્રી હ્યુ. એન. શાંગ અહીંનાં મોટાં નગરો, ભવ્ય હૉસ્પિટલો અને પૂર્ણ વિકસિત નાલંદા જેવી વિશ્વ વિદ્યાલયોથી ખૂબ જ પ્રભાવિત થયેલાં.



પ્રજ્ઞાપારમિતાનું શિલ્પ
13મી સદી-નેશનલ મ્યુઝિયમ-જાકાર્તા

## અજંતાનાં ગુફામંદિરોની ઐતિહાસિક ભૂમિકા

ગુપ્તસમયનું સર્વાંગ સુંદર સર્જન એટલે અજંતાની ગુફાઓ.અહીંની ગુફાઓમાં થયેલું ચિત્રાંકન કે કોતરકામ કે શિલ્પકામ કોઈ એક જ સમયમાં થયેલું લાગતું નથી.

આ ગુફામંદિરોમાં નંબર 9 અને 10ની ગુફાઓ સૌથી જૂની હોય તેમ લાગે છે. જેનો સમય ઈ.સ. પૂર્વે બીજી સદીનો મનાય છે. આ સ્થળે લગભગ આઠ સો નવ-સો વર્ષ સુધીના લાંબા સમય સુધી કલાકારો દ્વારા પેઢી દર પેઢી અવિરત સર્જનકાર્ય ચાલ્યા કર્યું હશે.

બૌદ્ધધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી અને અખૂટ ભક્તિ-ભાવથી પ્રેરાઈને એ સમયના કલાકારો દ્વારા મજબૂત અને વિશાળ ખડકોના પેટાળમાં માનવસંસ્કૃતિની યશગાથા ગાતો ભવ્ય ચિરંજીવ કલાવારસો આવનારા યુગ માટે મૂકતા ગયા છે. અજંતાનાં ગુફામંદિરો આ ગુપ્તકાલીન કલાની પરમસિદ્ધિ સમાન છે, એટલું જ નહિ પણ આ ગુફામંદિરો ભારતીય કલાસમૃદ્ધિનું ઉત્તમ આભૂષણ છે. તેથી કહી શકાય કે, **'ગુપ્ત સામ્રાજ્યનો સમય ભારતીય કલાસમૃદ્ધિના ઈતિહાસનો સુવર્ણ યુગ હતો'**

### અજંતાની શોધ :

ઈ.સ. 1819માં મદ્રાસ (ચેન્નઈ) આર્મીના કેટલાક અધિકારીઓએ આ ગુફાઓ સૌપ્રથમ જોઈ હોવાનો અને તેને નજીકના અજંતા ગામ ઉપરથી 'અજંતાની ગુફા'ઓ નામ આપ્યું હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

સેંકડો વર્ષના અજ્ઞાતવાસ પછી જગતને અજંતાની ગુફાઓનો પરિચય કરાવવાનું માન ભારતીય કલાના ચાહક જેમ્સ ફર્ગ્યુસનને ફાળે જાય છે. તેમણે ઈ.સ. 1843માં અજંતાની ગુફાઓનું કોતરકામ અને ચિત્રાંકન તેમજ શિલ્પકલાનું વિવરણ કરતો અહેવાલ ઇંગ્લૅન્ડની રોયલ એશિયાટિક સોસાયટીને મોકલ્યો. જેનાથી વિશ્વભરના કલાચાહકોનું ધ્યાન આ ગુફામંદિરો તરફ ખેંચાયું. જેના ફળસ્વરૂપે ઇંગ્લૅન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ અજંતાનાં ચિત્રોની અનુકૃતિઓ કરાવવા અહીંની સરકારશ્રીને જણાવ્યું. એ પછી મદ્રાસ લશ્કરના શ્રી ગિલની રાહબરી નીચે ઈ.સ. 1849થી 1855 દરમિયાન ત્રીસ ચિત્રોની અનુકૃતિઓ કરાવવામાં આવી.



અજંતાની ગુફાની અંદરનું દૃશ્ય

એ પછી અજંતાના આ સમૃદ્ધ કલાવારસાને પ્રકાશમાં લાવવાનું કામ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટના પ્રિન્સિપાલ જ્હોન ગ્રિફિસ્થે કર્યું. તેમણે પોતાની દેખરેખમાં યોગ્ય માર્ગદર્શન આપીને ઈ.સ. 1855થી 1872 દરમિયાન તેમની કલાશાળાના વિદ્યાર્થીઓની સહાયથી અહીંનાં ભીંતચિત્રોની ઘણી અનુકૃતિઓ કરાવી, જેથી વિશ્વભરમાં કલારસિકોનું ધ્યાન ખેંચાયું.

પશ્ચિમીકલા વાસ્તવદર્શી હતી. એની સરખામણીમાં રેખાનું પ્રભુત્વ ધરાવતી અને સપાટ રંગોવાળી અજંતાની આ નવી ચિત્રશૈલીએ વિદેશી કલા મીમાંસકોને ખૂબ જ આકર્ષ્યા.

નિઝામ સરકારે અજંતાનાં ચિત્રો અને શિલ્પોને સાચવવા અને રક્ષણ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, એટલું જ નહિ પણ દુનિયાના લોકો આ ચિત્રો જોઈ શકે એવો પ્રબંધ કર્યો. તેમણે શ્રી સૈયદ અહમદને અધ્યક્ષપદે નીમીને અજંતાનાં ચિત્રોની ફરીથી અનુકૃતિઓ કરાવી. જે વધારે પ્રમાણભૂત ગણાય છે. એ પછી ભારત સરકારે ઈ.સ. 1951થી આ ગુફાઓને રાષ્ટ્રીય કલાસંપત્તિ ગણીને પુરાતત્ત્વ ખાતાની પ્રત્યક્ષ નજર નીચે રાખીને તેનું જતન કર્યું છે.

### અજંતાની ગુફાઓમાં બે પ્રકાર જોવા મળે છે :

(1) ચૈત્ય ગુફાઓ અને (2) વિહાર ગુફાઓ.

### ચૈત્ય ગુફાઓ :

ચૈત્ય એટલે બૌદ્ધ સાધુઓનું પ્રાર્થના અને ઉપાસનાનું સ્થળ.

ચૈત્ય ગુફાઓમાં અંદરના છેડે સ્તૂપ બાંધેલો હોય છે. સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના અવશેષો મૂકીને તેના ઉપર રચેલી સમાધિ. સ્તૂપની આજુબાજુ પ્રદક્ષિણા કરી શકાય તેવો માર્ગ હોય છે. સ્તૂપથી પ્રવેશદ્વાર સુધી બે બાજુએ સ્તંભોની હાર (કતાર) હોય છે. સ્તૂપ અને પ્રદક્ષિણા માટેના માર્ગની જગ્યાને કારણે સ્તૂપગુફા પ્રમાણમાં લાંબી હોય છે, અજંતાની 19મા નંબરની ગુફા એ સૌથી મોટી સ્તૂપગુફા છે એનું પ્રવેશદ્વાર અતિ રમણીય છે.

### વિહાર ગુફાઓ :

વિહાર ગુફાઓ એટલે બૌદ્ધ સાધુઓનું રહેઠાણ. આવી ગુફાઓમાં દેવ, દાનવ, ગાંધર્વ, અપ્સરા, પ્રાણી, પક્ષી, માનવ, કિન્નર, વેલ વૃક્ષ અને વાદળનું આલેખન છે. હાથી, કમળ જુદી-જુદી મુદ્રામાં આલેખાયા છે. પાત્રો ઓછાં વસ્ત્રો ધરાવે છે. તે શોભે છે, તેમાં દેહ-લાલિત્ય તેમજ આભૂષણોમાં અનેક જાતની માળા-કેશગુંફન, માથા ઉપર મોતી, માણેકજડિત મુકુટ શોભે છે. તેમાં આલેખાયેલાં પાત્રો ભાવવાહી કલાના ઉત્તમ નમૂનારૂપ છે.

ભાતચિત્રોનો તો અજંતામાં વિપુલ ભંડાર છે. સ્તંભોના ઉપરના ભાગમાં તેમજ ગુફાઓની વિશાળ છત ઉપર હાથીઓ, હંસો વગેરે પશુ-પક્ષીઓ તેમજ વૃક્ષો, વેલીઓ અને ખીલેલાં કમળોનું વૈવિધ્યસભર આલેખન બેનમૂન છે. કમળોની ખીલેલી પાંખડીઓનું અલંકરણ અદ્‌ભુત છે. કમળોનાં અનેક રૂપો આ ભાતચિત્રોમાં જોવા મળે છે. એવાં જ મનોહર ભાતચિત્રો હંસ અને ફૂલવેલની તેમજ હાથીઓની આકૃતિઓ વડે સર્જીને અપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે.

### અજંતાની ચિત્ર-વિધાન પદ્ધતિ :

અજંતાની ગુફાઓમાં ખડકોની વિશાળ અને ખરબચડી દીવાલો અને છતો ઉપર કલાકારોએ ચિત્રો તૈયાર કરવા માટે અપનાવેલી પદ્ધતિમાં પણ દીર્ઘ દૃષ્ટિ રહેલી છે. પથ્થરની ખરબચડી સપાટી ઉપર ચિત્રકામ કરવાનું અનુકૂળ ન આવે એ સ્વાભાવિક છે, ઝીણવટભર્યું ચિત્રકામ કરવા માટે સપાટી સમતલ અને સુંવાળી જોઈએ.

પથ્થરની એ દીવાલો ઉપર પ્લાસ્ટર કરીને પણ તેની ઉપર ચિત્રો થઈ શકે. પરંતુ તેમણે એમ કર્યું હોત તો પ્લાસ્ટરના પોપડા ઉખડવાથી એ ચિત્રો ક્યારનાયે નાશ પામ્યા હોત.

અજંતાના દીર્ઘદૃષ્ટા કલાકારોએ આ દીવાલોની સપાટી કાયમ ટકી શકે એવી ખાસ પદ્ધતિ અપનાવી હતી.



હરણના આસન ઉપર બેઠેલા ભગવાન બુદ્ધ (ગુફા નં. 7 )



સ્તૂપ ગુફામાં ઊભેલા બુદ્ધ (ગુફા નં. 19)




ગુફાચિત્ર - અજંતા

પથ્થરોની દીવાલ ઉપર જ્યાં ચિત્રકામ કરવાનું હોય ત્યાં દીવાલની સપાટી થોડીક ખોદીને કે ટાંકીને સરખી કરવામાં આવતી. એ પછી પથ્થરનો બારીક ભૂક્કો, છાણ, માટી અને ઘોડાની લાદ, ભૂંસું વગેરે ભેળવીને ગારો તૈયાર કરી તેનું લીંપણ દીવાલો ઉપર કરવામાં આવતું. જેથી દીવાલની સપાટી સમથળ બને ત્યાર બાદ તેના ઉપર ચૂનાનું પાતળું અસ્તર લગાડવામાં આવતું. આ રીતે સફેદ અને લીસી થયેલી દીવાલ ઉપર લાલ(ગેરુ) રંગથી ચિત્રાંકન થતું. તે પછી રંગ કરવામાં આવતું. આ પદ્ધતિને ફ્રેસ્કો-પદ્ધતિ કહેવાય છે.

ચિત્રમાં ભરવા માટેના રંગો ખૂબ કાળજીથી તૈયાર કરવામાં આવતા. લીલો રંગ ત્યાંથી મળી આવતી વનસ્પતિઓ વાટીને તૈયાર કરવામાં આવતો. પીળો અને કથ્થઈ રંગ માટીમાંથી તૈયાર કરવામાં આવતો અને જેનો બહુ જ ઓછો ઉપયોગ થયો છે એવો ભૂરો રંગ છેક ઈરાનથી મંગાવવામાં આવતો.

આમ, અજંતાના કલાકારોએ અપનાવેલી આ વિશિષ્ટ ચિત્રવિધાન પદ્ધતિને કારણે આ ગુફામંદિરોનાં ચિત્રો પંદરસોથી બે હજાર વર્ષ જેટલા લાંબા કાળથી ટક્યાં છે અને તેના રંગો હજુ પણ એવા જ તાજા રહ્યા છે.



અપ્સરાનું ચિત્ર (ગુફા નં. 17)

### અજંતાનાં ગુફામંદિરો :

મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલી અજંતાની ગુફાઓ તેની કલાસમૃદ્ધિને કારણે માત્ર ભારતમાં જ નહિ પણ જગતભરમાં મશહુર છે.

અજંતાની ગુફાઓ ઔરંગાબાદથી 57 કિમી અને ફરદાપુરથી 6 કિમીના અંતરે કુદરતી સૌંદર્યથી ભરપૂર વાઘોરા નદીના કિનારે આવેલી છે. વાઘોરા નદીની ખીણની બાજુમાં ઊભેલા પહાડની 90 મીટર ઊંચી ભેખડોમાં આ ગુફાઓ અર્ધગોળાકાર આકારમાં દૃશ્યમાન થાય છે.

અહીં નાની-મોટી 29 જેટલી ગુફાઓ છે. બાજુમાં અજંતા ગામ આવેલું હોવાથી આ ગુફાઓ અજંતાની ગુફાઓ તરીકે ઓળખાય છે.



અજંતા ગુફાની છત ઉપરની સુંદર ભાતરચના



ભગવાન બુદ્ધની નિર્વાણ અવસ્થા (ગુફા નં. 26)

### અજંતાનાં ચિત્રોના કેન્દ્રમાં બૌદ્ધધર્મ :


આપણે જોયું કે આ ચિત્રોના વિષયોમાં કેન્દ્રસ્થાને છે બૌદ્ધધર્મ. ભગવાન બુદ્ધના જીવનપ્રસંગો અને જાતક કથાઓ.

આ ગુફાચિત્રો બૌદ્ધધર્મ પ્રત્યેની અનન્ય ભાવભક્તિનું દર્શન કરાવે છે. આથી આ ચિત્રો બૌદ્ધ સાધુઓએ કર્યાં હશે એવો મત પ્રચલિત છે. આમ છતાં આ ગુફાચિત્રોમાં શ્રમણો, પ્રેમીયુગલો, રાજરમણીય નર્તકીઓ અને કુટિલ રાજ-દરબારીઓ જેવાં પાત્રો પણ આલેખાયેલાં જોવા મળે છે.

### અજંતાનાં કેટલાંક ગુફાચિત્રો :

અજંતાની મોટા ભાગની ગુફાઓનાં ચિત્રો તો આજે નાશ પામેલાં કે જર્જરિત અવસ્થામાં છે. 1, 2, 16, 17 નંબરની ગુફાઓનાં ચિત્રો પ્રમાણમાં સારી હાલતમાં છે. જે અજંતાની કલા-સમૃદ્ધિનું કંઈક યથાર્થ દર્શન કરાવે છે. આમાંનાં ઘણાં ચિત્રો





અજંતાની ગુફાનાં કેટલાંક ગુફાચિત્રો (ગુફા નં. 17)

તો ગુફામંદિરની આખી દીવાલને આવરી લેતાં હોય તેટલાં વિશાળ અને સંખ્યાબંધ માનવપાત્રો તથા પશુ-પક્ષીઓથી ભરપૂર છે. એમાંનાં કેટલાંક ચિત્રોનો પરિચય આપણે કરીશું.

### માર-આક્રમણ :

પહેલા નંબરની આ જ ગુફાના ગર્ભ મંદિરની ઓસરીની ભીંત ઉપર સાડા ત્રણ મીટર ઊંચું અને અઢી મીટર પહોળું 'માર આક્રમણ'નું ચિત્ર આલેખાયેલું છે. **'માર' એટલે કામદેવ અર્થાત્ પ્રલોભન**

'માર'ની સેના ભગવાન બુદ્ધને ઘેરી વળી છે. એમને ચલાયમાન કરવા મથતી અનેક કામિનીઓ અને રાક્ષસો જેવી ભયાનક આકૃતિઓની વચ્ચે પણ ઊંચા સ્થાને ભગવાન બુદ્ધ સ્થિર, સૌમ્ય અને શાંતભાવે બેઠા છે. બુદ્ધના અલૌકિક અને શાંત મુખભાવનું તેમજ વિવિધ પ્રકારનો અભિનય દર્શાવતી નાનામાં નાની આકૃતિઓનું પાણીદાર રેખાંકન ચિત્રકારની પીંછીની અજબ લીલાનું દર્શન કરાવે છે.



'માર-આક્રમણ'નું ચિત્ર અજંતા (ગુફા નં. 1)

### પદ્મપાણિ (ગુફા નં. 1) :

પહેલા નંબરની આ જ ગુફામાં જમણી બાજુની દીવાલ ઉપર બોધિસત્વ પદ્મપાણિનું વિશાળ અને જગવિખ્યાત ચિત્ર છે. કોતરકામવાળો, રત્નજડિત, ભવ્ય મુકુટ અને ગળાની માળા, પ્રભાવશાળી ચહેરો અને અંગોનો ત્રિભંગ કરી ઊભેલા ભગવાન બુદ્ધના મુખભાવો ઉપર અપાર શાંતિ અને સંયમ વર્તાય છે.

**'પદ્મ'** એટલે કમળ અને **'પાણિ'** એટલે હાથ.

હાથમાં કમળ લઈને ઊભેલા ભગવાન બુદ્ધની આંખોનાં નીચાં ઢાળેલાં પોપચાં એમના અંતરમાં રહેલી ગૂઢ શાંતિ અને વિશ્વ પ્રત્યેની કરુણાનું દર્શન કરાવે છે.

### ષડ્દંત જાતક (ગુફા નં. 10) :

અજંતાના ગુફાચિત્રોમાં ષડ્દંત જાતક કથાનું ચિત્ર સૌથી પ્રાચીન મનાય છે, જે દસમા નંબરની ગુફામાં છે.

બોધિસત્વ કોઈ એક જન્મમાં છ દંતશૂળવાળા શ્વેત હાથી હતા અને જંગલમાં માતા-પિતાની સેવામાં રત રહેતા



'પદ્મપાણિ' અજંતા (ગુફા નં.1)




ષડ્દંત જાતક (ગુફા નં. 10)

હતા. તેમને બે ભાર્યા (પત્ની)ઓ હતી. પરસ્પર વેરને કારણે એક હાથણીએ આત્મહત્યા કરી. તેણે બીજા જન્મમાં રાજાને ત્યાં રાજકુંવરી સ્વરૂપે જન્મ લીધો. હજુ તેનો દ્વેષ સમ્યો ન હતો.

તેણે શિકારીઓને જંગલમાં જઈને છ દંતશૂળવાળા શ્વેત હાથીનું શિશ કાપી લાવવાનો આદેશ આપ્યો.

ષડ્દંત ગજરાજને આ વાતની ખબર પડી તો પોતે જાતે મરવા માટે તેમની સામે જઈને ઊભો રહ્યો. આથી ક્ષોભ પામેલા શિકારીઓ તે ગજરાજના છ દંતશૂળ કાઢીને કાવડમાં નાંખી રાજકુમારી પાસે લાવ્યા. રાજકુમારીએ તે ગજરાજના છ દંતશૂળ જોયા. તેનું હૃદય પરિવર્તન પામ્યું. તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. અંતમાં ગજરાજે તેને ક્ષમાનો ઉપદેશ આપ્યો.



બુદ્ધ અને યશોધરા-રાહુલ ( ગુફા નં. 17)

**બુદ્ધ અને યશોધરા-રાહુલ (ગુફા નંબર 17) :**

ગુફા નંબર 17માં ગર્ભગૃહની પડસાળમાં બુદ્ધ અને યશોધરા- રાહુલનું પ્રસંગ-ચિત્ર આલેખાયેલું છે.

મહાભિનિષ્ક્રમણ પછી ભગવાન બુદ્ધ લોકોને પ્રેમ અને કરુણાનો બોધ આપતા સર્વત્ર ફરે છે. એક વખત ફરતાં-ફરતાં પોતાની જ નગરી કપિલવસ્તુમાં પધાર્યા, તે વખતે પોતાની પત્ની યશોધરા, પુત્ર રાહુલને લઈને ભિક્ષા આપવા પોતાના પતિ સમક્ષ આવે છે. તે જાણે છે કે, અત્યારે બુદ્ધ ભગવાન તેના પતિ જ નહિ પરંતુ સર્વ જગને કલ્યાણ અને કરુણાનો માર્ગ બતાવનારા મહામાનવ સમક્ષ પોતે ઊભી છે.

માતા અને પુત્રના સમર્પણવાળા મુખભાવો અને ભગવાન બુદ્ધની પ્રસન્ન મુખમુદ્રા-પ્રસંગની ગંભીરતા દર્શાવે છે.

આ ચિત્રમાં યશોધરા-રાહુલ માનવકદનાં અને તેની સરખામણીએ બુદ્ધને મોટા અને ભવ્ય આલેખીને તેમની દિવ્યતા અને મહાનતા પ્રગટ કરવામાં ચિત્રકાર સફળ થયા છે.

અજંતાનાં ગુફામંદિરોની કલા ભારતવર્ષની કલાની ગુરુપીઠ સમી હતી. એટલું જ નહિ પણ ‘આખા એશિયાના કલાચક્રની ધરી અજંતાનાં ગુફામંદિરો હતાં’ એવું કલાગુરુ શ્રી રવિશંકર રાવળે નોંધ્યું છે તે યોગ્ય જ છે.

ઈ.સ. 1983માં યુનેસ્કો(UNESCO-The United Nations Educational, Scientific and Cultural Organization) દ્વારા અજંતા-ઈલોરાનાં ગુફામંદિરોની કલાસમૃદ્ધિને વર્લ્ડ હેરિટેઝ સાઈડ તરીકે સ્થાન આપીને ભારતીય કલાને ગૌરવ આપ્યું છે.

## ગુપ્તકાળમાં ધાતુકલાનો વિકાસ :

ગુપ્તકાળમાં ધાતુકલાનો ઘણો જ વિકાસ થયેલો જોવા મળે છે. સુલતાનગંજની બુદ્ધની તામ્રમૂર્તિ 2.3 મીટર ઊંચી છે તે સમયમાં મૂર્તિઓ અને સ્તંભોની સુંદર રચનાઓ ધ્યાનાકર્ષક છે. દિલ્લીમાં કુતુબમિનાર પાસે આવેલો લોહસ્તંભ આજે પણ કાટ લાગ્યા વગરનો અડીખમ ઊભો છે તે જોઈને તે સમયની ધાતુ ઢાળવાની વિદ્યાનો પરિચય થાય છે. આ સમયમાં ધાતુના સિક્કાઓ વિશેષ પ્રચલિત હતા. જેમાં સિંહ, શિકારી તથા કુમારદેવી અને ચંદ્રગુપ્તના યુગ્મવાળી રચનાઓ તે સમયની મુદ્રાઓમાં ઉપસાવેલી જોવા મળે છે.

ગુપ્તકાળ દરમિયાન અજંતાનાં ગુફામંદિરો, બાઘની ગુફાઓ, સિતનવાસલની ગુફાઓ, દુમરલેણની ગુફાઓ જેવી અનેક ગુફામંદિરોમાં થયેલાં ઉત્તમ ચિત્રો અને શિલ્પ-સર્જન થયા છે.

## બાઘની ગુફાઓ (જિલ્લો-ધાર, મધ્યપ્રદેશ) :



બાઘની ગુફાનું ચિત્ર



બાઘની ગુફાનું ચિત્ર

બાઘની ગુફા મધ્યપ્રદેશ રાજ્યમા ગ્વાલિયર શહેરના માલવા ગામે બાઘ નદીના કિનારે આવેલી છે તેથી આ ગુફાનું નામ બાઘ પડ્યું. અહીં 9 ગુફા છે. જેમાં 4 અને 5 નંબરની ગુફામાં ચિત્રો છે. આ ગુફાઓનો સમય ઈ.સ. પાંચમી સદિનો ગણાય છે. રંગ અને રેખામાં એક પ્રકારની સંવેદના જોવા મળે છે. જેમાં રડતી સ્ત્રીનું કરુણચિત્ર, ઘોડેસવારીનું અને હાથીઓવાળું સરઘસનું ચિત્ર જેમાં નગર-ઉત્સવ અને રાજસવારીના દશ્યમાં બાઘ કલાકારે ભારે કૌશલ દાખવ્યું છે. ચિત્રના એક દશ્યમાં નર્તકની આસપાસ છ વાજિંત્ર વગાડનાર સ્ત્રીઓ ઊભેલી છે. એકના હાથમાં મૃદંગ, બીજાના હાથમાં મંજિરા અને અન્યના હાથમાં દાંડિયા. જેમાં ગુજરાતમાં રમતા દાંડિયા-રાસનું ગતિમય દર્શન આ ચિત્રમાં થાય છે. એક ગુફામાં ભરચક રંગોવાળું એક લાંબું ચિત્ર છે. તેથી તેને રંગમહેલ તરીકે ઓળખવામાં આવે છે. કેટલીક ગુફાઓમાં ભગવાન બુદ્ધની બોધિસત્ત્વની પ્રતિમાઓ જોવા મળે છે. અજંતાની જેમ અહીં યક્ષ અને યક્ષિણી શિલ્પો કંડારેલ છે. આ ચિત્રો ફ્રેસ્કો-પદ્ધતિનાં છે.

## સિત્તનવાસલની ગુફા :

આ ગુફાઓ કર્ણાટક રાજ્યમાં તાંજોર પાસે પટ્ટદક્કલથી વાયવ્યમાં 16 કિલોમીટર દૂર આવેલ સિત્તનવાસલ ગામ પાસે આવેલી છે. પલ્લવ રાજા મહેન્દ્ર વર્મન પહેલા અને તેના પુત્ર નરસિંહ વર્મનના સમયમાં આ ગુફાઓ થયેલી છે. શૈલી અજંતા જેવી જ, ભાવભંગી, હસ્તમુદ્રાઓ, અલંકરણ વગેરે ધરાવે છે. આ ચિત્રોની વિશેષતા એ છે આ ગુફાઓ શોધવાનું માન કલા-વિવેચક શ્રી ટી. એ. ગોપીનાથ રાવને પ્રાપ્ત થાય છે.

આ ગુફામંદિર શરૂઆતમાં સંપૂર્ણપણે ચિત્રોથી અલંકૃત હશે, પરંતુ આજે આ ચિત્રો નષ્ટ થયાં છે. વરંડાની છતમાં એક મુખ્ય ભીંતચિત્ર સચવાઈ રહ્યું છે, જે તળાવનું ચિત્ર છે. એટલે કે કમળવનનું આલેખન ઘણું માધુર્યપૂર્ણ છે. જેમાં માછલી, જીવજંતુ, હાથી, હંસ અને ભેંસ સર્વનું સજીવાત્મક સર્જન થયું છે. શૈલી ભાવપૂર્ણ અને સરળ છે.

## સ્વાધ્યાય

**1. એક-એક વાક્યમાં જવાબ લખો :**

(1) ગુપ્ત સમયમાં કઈ-કઈ કલાનું સર્જન થયું ?
(2) પ્રજ્ઞા પારમિતાનો અર્થ શું થાય છે ?
(3) અજંતાની સૌથી જૂનામાં જૂની ગુફાઓ કઈ છે ?
(4) અજંતામાના ચિત્રોની અનુકૃતિ કોણે કરાવી હતી ?
(5) અજંતામાં કેટલા પ્રકારની ગુફાઓ જોવા મળે છે ?
(6) બાઘની ગુફા ક્યાં આવેલી છે ?
(7) ચૈત્ય ગુફાઓ એટલે શું ?
(8) અજંતાની ગુફાઓના જાણીતા ચિત્રોના નામ જણાવો ?

**2. ખાલી જગ્યા પુરો :**


(1) અજંતાના ચિત્રો ......... પદ્ધતિથી થયેલાં છે.
(2) અજંતાની ગુફાઓની શોધ......... કરી હતી.
(3) બુદ્ધ અને યશોધરા રાહુલનું ચિત્ર......... નંબરની ગુફામાં આવેલું છે ?
(4) અજંતાની એક નંબરની ગુફામાં જગવિખ્યાત......... નું ચિત્ર આવેલું છે.
(5) અજંતાની ગુફાઓનો પરિચય કરાવવાનું માન......... ફાળે જાય છે.

•



# 6 પશ્ચિમના દેશોની કલા

## ઈજિપ્તની કલા (Ancient Egyptian Art)



ઈજિપ્તની કલાનું ચિત્ર

ઈજિપ્તની કલા મિસરની કલા તરીકે જાણીતી છે. માનવ સંસ્કૃતિનો સૌપ્રથમ વિકાસ ઈજિપ્તમાં થયો હતો. આ વિકાસ નાઇલ નદીને કિનારે થયો તેથી ઇતિહાસકારો તેને નાઈલની સંસ્કૃતિને નામે પણ ઓળખાવે છે.

ઈજિપ્તવાસીઓ મૃત્યુ પછીના જીવનમાં માનતા હતા. તેથી મૃત્યુની પૂર્વે તે કબરને સજાવતા. માનવીના મૃત્યુ પછી તેનો આત્મા શબ (મૃત શરીર)માંથી છૂટો પડી લાંબી સફર કરે છે. ત્યાર બાદ મૃત શરીરમાં આત્મા ફરી પ્રવેશ કરે અને નવું જીવન પ્રાપ્ત કરે છે. તેવી માન્યતાને કારણે મૃતદેહને સાચવી રાખવા માટે પિરામિડ (પિરામિડ એટલે મૃતદેહને સાચવવા માટેની કલાત્મક વિકસિત કબર) બનાવતા. અહીં મૃતદેહ (શબ)ને મસાલા ભરીને સાચવતા. આવા મૃતદેહને ‘મમી’ કહે છે.

ઈજિપ્તવાસી એ મમીને સાચવવા ભવ્ય પિરામિડ બાંધતા. પિરામિડની દીવાલો ઉપર દોરાયેલાં ચિત્રો ઉત્તમ કોટીનાં છે. મમીને સાચવી રાખવા



ઈજિપ્સીયન રાણી



પક્ષીઓ - ઈજિપ્તની કલા

કિમતી ધાતુની પેટી (કોફિન)માં પૅક કરીને પિરામિડમાં રાખતાં. પિરામિડોના અન્ય ખંડમાં ધાતુનાં ઘરેણાં, વસ્ત્રો, વસ્તુઓ, વાસણો, નોકર-ચાકરની મૂર્તિઓ, ધાર્મિક પુસ્તકો, શાસ્ત્રો જેવી સામગ્રી રાખવામાં આવતી. જેથી આત્માને મૃત્યુ પછીના નવા જીવનમાં આ સામગ્રી તેને ફરી મળે.

પિરામિડના પ્રવેશદ્વાર આગળ સ્પિંક્સ(Sphinx)ની વિશાળ મૂર્તિ મૂકવામાં આવતી. આ મૂર્તિ બેઠેલા સિંહ જેવી પરંતુ તેનું મોઢું માનવીનું અને ધડ સિંહનું છે. આ રક્ષણદેવીની મૂર્તિ હશે તેમ જાણકાર માને છે. બધાં પિરામિડોમાં ગિઝા (Gizah)નો પિરામિડ સૌથી વિશાળ છે. તે તેર એકર જમીનમાં પથરાયલો છે. એક લાખ મજૂરો (ગુલામોએ) 20 વર્ષ કામ કરી આ પિરામિડ બાંધ્યો હતો.

પિરામિડોની કબરોમાં તૂતનખામેનની કબર વિશેષ છે. તેમાં તેના મમી (શબ)ને સાત પેટીઓમાં સાચવવામાં આવેલ છે. તેમાં છેલ્લી પેટી તો સુવર્ણ(Gold)ની છે. અહીંનાં શિલ્પોમાં થુટમોસ (Thutmose) નામના શિલ્પી દ્વારા તૈયાર કરાયેલું રાણી નેફરતીતીનું શિલ્પ પ્રખ્યાત છે. પ્રાચીન ઈજિપ્તમાં સૌથી રહસ્યમય અને શક્તિશાળી મહિલા નેફરતીતીએ તેના પતિના મૃત્યુ બાદ શાસન કર્યું હતું. માથાથી ધડ સુધીનું આ શિલ્પ પ્રાચીન ઈજિપ્ત કલાની સૌથી જાણીતી કલાકૃતિ છે.



સ્પિંક્સની મૂર્તિ સાથે ગિઝાનો પિરામિડ - ઈજિપ્ત



કોફિનનું ચિત્ર



ઈજિપ્તનું શિલ્પ



તૂતનખામનની કબર ઉપરનું શિલ્પ



રાણી નેફરતીતીનું શિલ્પ

### મેસોપોટેમિયાની કલા (Ancient Mesopotamia)

મેસોપોટેમિયા એટલે આજનું ઈરાક. યુફ્રેટિસ અને ટાઇગ્રીસ એ બે નદી વચ્ચેનો પ્રદેશ દોઆબ તરીકે ઓળખાય છે. આ સંસ્કૃતિ ઇજિપ્તની સમકાલીન નગર સંસ્કૃતિ છે. તેની પાસે ઇજિપ્ત જેવો કોઈ કલાભંડાર નથી. શિલ્પના ગણ્યા-ગાઠ્યા નમૂના અને વાસણકામ મળે છે. પણ તેની કલાની કક્ષા ખૂબ ઊંચી છે. મેસોપોટેમિયા એ ભૂમિનું નામ છે. જે ભૂમિ પર સુમેરિયન, બેબિલોનિયન, એસિરિયન અને પર્શિયન વગેરે પ્રજાઓ આવી તે પરથી તે સંસ્કૃતિને જુદાં-જુદાં નામો મળ્યાં. આ પ્રજા સૂર્યની પૂજક હતી. રાજા અસુરબાની પાલના મહેલમાંથી મળેલી કૃતિઓમાં સિંહનું શિકારશિલ્પ તેના આલેખન અને ગતિ માટે ખૂબ જાણીતું છે. માનવ અને પ્રાણીના આકાર સંયોજનવાળી બુલમેનની પણ અદ્‌ભુત આકૃતિઓ સર્જાઈ. સિંધુ સંસ્કૃતિના નમૂનામાંથી મળતા સિલ્સ જેવા સિલ્સ (મહોરો) અહીં પણ હતા. આમાં માનવ અને પ્રાણી આકૃતિઓ અદ્‌ભુત



ધાતુનું મહોરુ



રાજા હમ્મુરાબી



રાજા હમ્મુરાબીનું

રીતે ઉપસાવી છે. ઈ.સ. 539માં બેબિલોનિયા ઇરાનના શાહ સાયરસના હાથમાં આવ્યું. તેના વારસદાર ઝરકીસસે પર્સિપોલીસનો ભવ્ય મહેલ બંધાવ્યો હતો.

સુમેરિયનોએ અહીં સ્થિર વસવાટ કર્યો હોવાથી તેમના સમયમાં બંધાયેલા વિકસિત નગરમાંથી ઝવેરાત, સોનાનાં વાસણો,

મુગટ અને પગથિયાવાળો ઈશ્વરનો ટેકરો (ઝીગુરાત) કલાનાં ઉત્તમ પ્રતીકો છે.

દેવોનું સ્થાન ઊંચે હોવું જોઈએ તેવી તેમની ધાર્મિક માન્યતા હતી. તેથી ટેકરા બનાવી તેના ઉપર તેમના દેવોની સ્થાપના કરતા. આવા ટેકરાને ઝીગુરાત કહેતા હતા. અહીં સપાટ મેદાનમાં પથ્થરની અછત હોવાથી માટીના ઝીગુરાત બનાવતા હતાં. મેસોપોટેમિયાનો રાજા હમ્મુરાબી તેણે ઘડેલા કાયદાઓ માટે જાણીતો છે. તેણે ઘડેલા કાયદા માટીની તકતીઓમાં લખાવીને તકતીનો સંગ્રહ કર્યો હતો. ભીની માટીની તકતીમાં તેના ઉપર ત્રાંસી કલમથી લખાણ કરવામાં આવતું. તેથી અક્ષરો ફાચર આકારના બનતા. આ લિપિ ફાચર (ક્યુનીફાર્મ) લિપિ તરીકે જાણીતી છે. આવી ત્રીસ હજાર જેટલી તકતીઓનો સંગ્રહ નીનેવા નામના સ્થળેથી મળ્યો છે. હમ્મુરાબીના સમયમાં આ પ્રદેશ ઝૂલતા બગીચા માટે જાણીતો હતો.




માટીની તક્તીના ચિત્રો



ઝીગુરાતનાં ટેકરાં

## ગ્રીસની કલા (Ancient Greece Art)

યુરોપ ખંડના અગ્નિ ખૂણામાં ગ્રીસ નામનો દેશ આવેલો છે. ગ્રીસમાં વસતા લોકો ગ્રીક તરીકે ઓળખાય છે. તેથી ગ્રીસની કલાને ગ્રીકકલા તરીકે પણ ઓળખવામાં આવે છે.

વિશ્વની મહાન સંસ્કૃતિઓમાં ગ્રીસની સંસ્કૃતિની ગણના થાય છે. ગ્રીકનિવાસીઓ એક ધર્મ પાળતા, એક ભાષા બોલતા અને ઓલિમ્પસ પહાડની તળેટીમાં થતી રમતોમાં બધા હોંશે હોંશે ભાગ લેતા. પરંતુ તેમનામાં રાજકીય એકતા ન હોવાથી તેઓ અંદરોઅંદર લડતા રહેતા હતા. આ પ્રદેશમાં એથેન્સ અને સ્પાર્ટા જેવાં મહત્ત્વનાં રાજ્યો હતાં. બંને રાજ્યો પોતાની અલગ-અલગ પદ્ધતિઓથી વિકાસ કરતા રહ્યા.

સ્પાર્ટાના નિવાસીઓ લશ્કરી તાલીમમાં માનતા હતા. કારણ કે તેઓ એવું માનતા હતા કે, સ્પાર્ટામાં જન્મનાર દરેક બાળક સશક્ત, બળવાન અને બહાદુર નાગરિક બનવો જોઈએ. જેથી સ્પાર્ટાને કોઈ હરાવી શકે નહિ. તે માટે સ્પાર્ટાની સ્ત્રીઓને પણ લશ્કરી તાલીમ અપાતી, જેથી તેમની કૂખે સશક્ત બાળકો જન્મે. તેમ છતાં જો કોઈ બાળક નિર્માલ્ય કે અશક્ત માંદલા



એથેન્સની અધિષ્ઠાત્રી દેવી એથેના



વિનસ-દ-મિલો (Venus de Milo)



એપોલોનું એક શિલ્પ

લાગે તો તેમને પહાડોમાં મૂકી દેવામાં આવતું. જે બાળક સશક્ત હોય તે તેની માતા પાસે રહેતું. ઉંમરલાયક થાય ત્યારે તેને સરકારી અધિકારીઓને સોંપી દેવામાં આવતું. લશ્કરી અધિકારીઓ તેને સખત તાલીમ આપીને તૈયાર કરતા.



સ્પાર્ટાનું 'ડિશ ફેંકનાર'નું શિલ્પ

સ્પાર્ટાની પ્રજા લડાયક મિજાજવાળી હતી. તેથી હૃદયના ભાવ કે મનની ઊર્મિઓને કેળવવાને બદલે માત્ર શારીરિક ક્ષમતાને જ વિકસિત કરવામાં આવતી. તેથી સ્પાર્ટામાં સાંસ્કૃતિક વિકાસ થયો નથી. છતાં જે કાંઈ શિલ્પકૃતિઓ તૈયાર થઈ તેમાં નિર્વસ્ત્ર મનુષ્યના પાત્રો અને લડાઈના દાવપેચવાળાં થયાં.

ઈ.સ. પૂર્વે 450માં થયેલ માયરોન નામના શિલ્પીએ કરેલું શિલ્પ 'ડિશ ફેંકનાર' ખુલ્લા શરીરવાળું અને તીવ્ર ગતિ દર્શાવતું અભ્યાસપૂર્ણ શિલ્પ જોવા મળે છે. ગ્રીક કલામાં વિનસ-દ-મિલોની વિશ્વવિખ્યાત મૂર્તિ છે. તે ઈ.સ. પૂર્વેની ચોથી સદીની ગ્રીકકલાની ઉત્કૃષ્ટતાનું એક અદ્‌ભુત ઉદાહરણ છે. આ મૂર્તિ બે હજાર વર્ષ પછી એ ભૂમધ્ય સમુદ્રના મિલો નામના એક દ્વીપમાંથી મળી આવી હતી.

સ્પાર્ટાની બાજુમાં એથેન્સ રાજ્ય આવેલું છે. એથેન્સમાં લશ્કરી તાલીમને બદલે માણસનાં મન અને હૃદયને કેળવવા માટે ચિત્રકલા, શિલ્પકલા અને સાહિત્ય-સર્જનનો તબક્કાવાર વિકાસ થયો.


અહીં ઊભી મૂર્તિ 'હેરા ધી સેમોસ'ની પ્રથમ કૃતિ ગણાય છે જે વૃક્ષના થડમાંથી કોતરી કાઢેલી છે. તેનાં વસ્ત્રોમાં લીટીઓ







વાસણો ઉપરનું વાઝ પેઈન્ટિંગ (ગ્રીક આર્ટ)



'લોકુન'નું શિલ્પ (The Laocoon - Rome)

આલેખીને કરચલીઓ બતાવેલી છે. આ સિવાય એપોલો અને વિનસનાં શિલ્પો ખૂબ જ થયાં છે. એપોલો એટલે પુરુષ અને વિનસ એટલે સ્ત્રી.

વાસણો ઉપરનું વાઝ પેઇન્ટિંગ આ કલાની વિશિષ્ટતા છે. વાઝ એ સિરેમિક પકવેલી માટીનાં ચળકાટવાળાં વાસણો હતાં. વાઝ ઉપર વાસ્તવિક પાત્રો ચીતરી શકાતાં. તેનાં સર્જનોમાં વાઝની કલાની છાપ જોવા મળે છે. **લોકુન** નામના શિલ્પમાં તો કલાકારે શિલ્પમાં જાણે પ્રાણ પૂર્યો છે, તે અતિ-વાસ્તવવાદી શિલ્પ તરીકે પ્રખ્યાત છે. સાપના ભરડામાંથી બાળકને છોડાવવા મથતા પિતાને દર્શાવતું આ પ્રખ્યાત શિલ્પ છે. સાપનો ભય અને વેદના ગૃહસ્થ (લોકુન)ના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાઈ આવે છે. માનવઆકૃતિનું 7.5નું પ્રમાણમાપ આપનારા પણ ગ્રીક કલાકારો હતા.

### ખ્રિસ્તી કલા (Christian Art)

ઈ.સ. 300ની આસપાસ પશ્ચિમ (યુરોપ)ના દેશોમાં પ્રાચીન સંસ્કૃતિના વળતા પાણી હતા. આ સમયે ગ્રીક અને રોમન સંસ્કૃતિઓ અસ્ત થઈ ગયેલ હતી. રોમનો એશઆરામી જીવનમાં પડી ગયા હતા. તંત્ર અંદરથી કથળી ગયું. સત્તા નબળી પડતાં રોમન સત્તા બહારના હુમલાઓ સામે ટકી શક્યું નહિ, તેમનાં સામ્રાજ્યોમાં અંધાધૂંધી ફેલાવા લાગી હતી. ઉમરાવો અને અમલદારો સિવાયની પ્રજા દરિદ્ર અવસ્થામાં હતી. તેથી તેઓને ગ્રીક, રોમન, દેવી-દેવતાઓમાં શ્રદ્ધા રહી નહિ. આ અરસામાં ઈશુ ખ્રિસ્તનો જન્મ થતા તે પછી ખ્રિસ્તી ધર્મનો ઉદય થયો. ખ્રિસ્તી ધર્મના ઊંચા નૈતિક સિદ્ધાંતો તેમના સાધુ-ઉપાસકોની સત્યનિષ્ઠા, સાદગી અને સેવા-પ્રવૃત્તિથી લોકોના મન જલદી જીતી લીધા. આ ધર્મે દુઃખી અને દલિત પ્રજાને પોતાને પડખે લીધી તેથી તે ધર્મનો ઝડપી ફેલાવો થયો. પ્રજાએ આ ધર્મનો ઝડપી સ્વીકાર કરી વૈભવ-વિલાસમાં અમનચમનમાં પડેલા રોમનોને ગમ્યું નહિ. તેમણે ખ્રિસ્તી ધર્મના પ્રચારમાં સહકાર આપ્યો નહિ. સત્તાના જોરે અનેકોની કતલ અને સજા કરી. પરિણામે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર વધારે વેગવંતો બન્યો. એશઆરામી રોમનોએ અંતે નમતું જોખવું પડ્યું. ઈ.સ. 312માં કોન્સ્ટન્ટાઈન રાજાએ ખ્રિસ્તી ધર્મ અંગિકાર કર્યો. પોતાની રાજધાની રોમનથી બદલી પૂર્વ બાજુ લઈ અને કોન્સ્ટેન્ટિનોપોલ એવું નામ આપ્યું. પરિણામે ખ્રિસ્તી ધર્મને રાજ્યનું રક્ષણ મળતાં આમ ધર્મપ્રચાર રાજ્યાશ્રય હેઠળ થવા લાગ્યો. પરિણામે પૂર્વના દેશોની કલા-સંસ્કૃતિની અસર યુરોપની કલા પર થવા માંડી. પૂર્વ અને પશ્ચિમના મિલનથી ઉદ્ભવી તે 'બાયઝેન્ટાઈન કલા' એટલે પૂર્વ યુરોપની ખ્રિસ્તી કલા.



રંગના કાચના ટૂકડાથી બનેલું ચિત્ર - ખ્રિસ્તી કલા

આ કલાના વિકાસમાં રોમન કસબ, ગ્રીક સંસ્કૃતિ અને ખ્રિસ્તી ધર્મની માન્યતાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. કલાનું માધ્યમ બદલાયું તેથી મોઝેક જેવા માધ્યમથી કલામાં વૈવિધ્ય આવ્યું. કોન્સ્ટન્ટિનોપોલ ખ્રિસ્તી ધર્મનું મુખ્ય કેન્દ્ર બન્યું. તેથી બેઝેલિકાનું ચર્ચમાં રૂપાંતર થયું. ઊંચાં ભવ્ય નવાં ચર્ચોના નિર્માણ થયાં. તેથી ઊંચી ઇમારતોને વિશાળ ભીંતોના કારણે બારી-બારણાંની લંબાઈ વધુ રહી. અહીં શિલ્પોની ભભક જોવા મળતી નથી. ઓછા ખર્ચથી તૈયાર થયેલાં ભીંતચિત્રો જોવાં મળે છે. તેમાં બાઈબલના પ્રસંગોનાં ચિત્રો બનાવાયાં છે.


આ બાયઝેન્ટાઈન કલાની અસર મધ્યકાલીન અને પુનરુત્થાન કલા પર પણ થઈ. ઈ.સ. 1453 સુધી કલા વિકસતી રહી. તુર્કોએ રેવેનાનું ઉત્તમ મોઝેક પ્લાસ્ટરથી ઢાંકી દીધું, જે પાછળથી સાફ કરવામાં આવ્યું.

બાઈઝેન્ટાઈન કલાનું માધ્યમ રંગીન કાચના ટુકડા (સ્ટેન્ડ ગ્લાસ વિન્ડો) છે. વિશાળ ડોમવાળા આ સ્થાપત્યના સોતેરસેલા અને રંગબેરંગી કાચના ટુકડા લાગતા દેવળ (ચર્ચ) ઝળહળી ઊઠે છે. એ સ્વર્ગીય વાતાવરણ ખડુ કરે છે. કાચના ટુકડાના

કાર્યની મર્યાદાને લઈને તેમાં બારીક કામ નથી થઈ શક્યું તેથી જાડી રેખાઓ, સપાટ આકારો, મોટી આંખોને દ્વિપરિમાણ જોવા મળે છે. મોઝેકના બે ટુકડા વચ્ચેની રહી જતી ખાલી જગ્યા પણ એક પ્રકારની ભાત રચે છે.

રેવેના (ઇટાલી), હેગિયાસોફિયા (ઇસ્તંબુલ), શાન્તામારિયા, શાન્તાસોફિયા, શાન્તાસાલીના, ટાર્સેલા વગેરે દેવળોમાં મોઝેક ચિત્રો થયાં. આ સાથે શિલ્પો અને ચિત્રો પુષ્કળ પ્રમાણમાં થયાં. ઈ.સ.ની છઠ્ઠી સદીમાં આ કલાનો સુવર્ણ યુગ આવ્યો. રેવેનાના ચર્ચમાં ઉત્તમ પ્રકારનું મોઝેક કામ થયું તેમાં રાજા જસ્ટેનિયન અને તેની એશિયાઈ રાણી થિયોડોરાને તેમના સાથીદારો રૂપે નિરૂપાયા છે.

કોન્સ્ટેન્ટિનોપલનું ભવ્ય સ્થાપત્ય હેગિયાસોપિયા કેથેડ્રલ ગણાય છે. ચોરસ સ્થાપત્ય પર વિશાળ ડોમ ધરાવતું આ સ્થાપત્ય મોઝેકથી સુશોભિત કરવામાં આવ્યું છે.



રાણી થિયોડોર - મોઝેક - ખ્રિસ્તી કલા

## સ્વાધ્યાય

**1. મુદ્દાસર જવાબ આપો :**

(1) ઇજિપ્તની કલાનો વિકાસ કઈ નદીને કિનારે થયો ?

(2) 'મમી' એટલે શું ?

(3) સૌથી મોટો પિરામિડ કયો છે અને તે કેટલા એકરમાં પથરાયેલો છે ?

(4) પ્રાચીન ઇજિપ્તની સૌથી જાણીતી શિલ્પ-કૃતિ કઈ છે ?

(5) હમ્મુરાબી શાને માટે જાણીતો હતો ?

(6) ઝીગુરાત એટલે શું ?

**2. ખાલી જગ્યાઓ પૂરો :**

(1) ઇજિપ્તની કલા ........... કલા તરીકે જાણીતી છે.

(2) પિરામિડના પ્રવેશદ્વાર આગળ ...........ની વિશાળ મૂર્તિ મૂકવામાં આવતી.

(3) મેસોપોટેમિયાનો પ્રદેશ ........... તરીકે ઓળખાય છે.

(4) પર્સિપોલીસનો ભવ્ય મહેલ ...........એ બંધાવ્યો હતો.

(5) હમ્મુરાબીએ ઘડેલા કાયદા ........... લિપિમાં લખાયેલા છે.

•

# 7 ભારતના નામાંકિત ચિત્રકારો

## 1 શ્રી રાજા રવિ વર્મા (ઈ.સ. 1848થી ઈ.સ. 1906)

સિદ્ધહસ્ત ચિત્રકારો મહાન સાધકો ગણાય છે. યુગદૃષ્ટા અને યુગપુરુષ તરીકે તેમણે રચેલી કૃતિઓ સમાજમાં પરિવર્તન લાવવાનું કામ કરે છે. ચિત્રકાર તત્કાળ સમાજમાં જ ઉછરે છે, તેથી તેમની કૃતિની તત્કાળ સમાજનાં સારાં-નરસાં પાસાંઓની અસર મહદંશે જોવા મળે છે. છતાં ઊંચી કક્ષાના ચિત્રકારો પોતે અંતર-મનનાં ઝણકારને પામીને પોતાની કૃતિઓ તૈયાર કરે છે. તે ચિત્રકારને અને ચિત્રાંકનને અમરતા બક્ષે છે.



શ્રી રાજા રવિ વર્માનો જન્મ ઈ.સ. 1848માં કેરળ રાજ્યના કિલિમન્નુર ગામમાં એક રાજવી પરિવારમાં થયો હતો. રાજવી કુટુંબના સભ્ય હોવાથી તેઓ રાજા રવિ વર્મા તરીકે ખ્યાતિ પામ્યા છે.

તેમણે તો શરૂઆતમાં શ્રી રામસ્વામી નાયડુજી પાસે અને પછી થિયોડોર જેન્સન નામના અંગ્રેજ કલાકાર પાસેથી કલાનું શિક્ષણ લીધું હતું. તેથી તેમણે તૈયાર કરેલાં ચિત્રોમાં પશ્ચિમની કલાની અસર જોવા મળે છે.

મનુષ્યની આકૃતિઓને આલેખવાની તેમની કલાસૂઝની યુરોપિયન ચિત્રકારોએ પણ ઘણી પ્રશંસા કરી હતી.

તેમણે વેદો, પુરાણો, મહાભારત જેવાં ધર્મગ્રંથો આધારિત પ્રસંગોને અનુરૂપ ચિત્રો તૈયાર કર્યાં. શાકુંતલ, રઘુવંશ જેવા સંસ્કૃત ગ્રંથોમાંથી પ્રસંગોને આધારિત તૈયાર કરેલાં તૈલચિત્રો ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે. તેમનાં ચિત્રો વાસ્તવદર્શી છે. એમણે દોરેલાં દેવ-દેવીઓનાં ચિત્રો લોકોનાં દેવ-મંદિરો અને ઘરોમાં પૂજાના સ્થાને ગોઠવાયાં હતાં. તેમણે દોરેલાં લક્ષ્મી, સરસ્વતી, દ્રૌપદી જેવાં ચિત્રો જે-તે દેવ-દેવીઓની ઓળખસમાં પ્રતીકો આજે પણ લોક-સ્વીકૃત બન્યાં છે.

ભારતના નકશા સાથે આલેખાયેલું **'ભારત માતા'**નું ચિત્ર તેમની યાદગાર કૃતિ છે. વ્યક્તિ વિશેષ ચિત્રો આલેખવામાં તેમની સિદ્ધિ અનન્ય હતી. તેમનાં ચિત્રોમાં પાશ્ચાત્ય શૈલીનો પ્રભાવ હોવાથી ભાવોનું નિરૂપણ કરતાં ટેક્નિકનું પ્રાધાન્ય વધારે જોવા મળે છે.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને નિમંત્રણ આપીને રાજ-કુટુંબની વ્યક્તિઓનાં ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. સાથે-સાથે કેટલાંક પૌરાણિક પ્રસંગોનાં ચિત્રો પણ બનાવડાયાં હતાં.

તેમનાં જાણીતાં ચિત્રોમાં વિરાટનો દરબાર, સરસ્વતીદેવી, અહલ્યા, પોટ્રેટ ઑફ લેડી, જટાયુવધ, હંસા દમયંતી, લેડી હૉલ્ડિંગ અ ફ્રુટ, શકુંતલા, પુરુરવા અને ઉર્વશી જેવાં પાત્રોનાં ચિત્રો તથા ભરત અને નળ-દમયંતી જેવાં પૌરાણિક વાર્તા આધારિત ચિત્રોએ તેમને પ્રસિદ્ધિ અપાવી છે.

તેમનાં ચિત્રોનો મોટો સંગ્રહ ત્રિવેન્દ્રમના સંગ્રહાલયમાં અને વડોદરાની ફતેસિંહરાવ આર્ટ ગેલેરીમાં સંગ્રહીત થયેલાં છે.

એમનું અવસાન ઈ.સ. 1906માં થયું હતું.



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'સરસ્વતી દેવી'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'અહલ્યા'




ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'જટાયુ વધ'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'રામ-વરુણદેવ'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'હંસા દમયંતી'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'લેડી હૉલ્ડિંગ અ ફ્રુટ'




ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'પોર્ટ્રેટ ઑફ લેડી'

# 2 શ્રી રવીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1861થી ઈ.સ. 1941)



કોલકાતામાં સ્થાપેલી સંસ્થા 'શાંતિનિકેતન'ને સાહિત્ય, સંગીત, નૃત્ય અને ચિત્રકલા જેવી વિવિધ કળાઓનું સંસ્કારતીર્થ બનાવનારા મહાન સાહિત્યકાર અને ચિત્રકાર શ્રી રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ઈ.સ. 1861માં થયો હતો.

ઈ.સ. 1923માં ગીતાજંલી નામના મહાકાવ્ય માટે નૉબેલ પારિતોષિક મેળવીને આપણા દેશને ગૌરવ અપાવનારા મહાન સર્જક કવિવર રવીન્દ્રનાથ ટાગોર એક પ્રતિભાવંત ચિત્રકાર પણ હતા.

ઈ.સ. 1928માં 67 વર્ષની વયે તેમણે ચિત્રનું સર્જન કરવાનું શરૂ કર્યું અને ભારતીય તેમજ પાશ્ચાત્યકલામાં પરંપરાઓમાંથી મુક્ત રહીને ભારતીય ચિત્રકલાને એક નવો માર્ગ બતાવ્યો. તેથી તેઓ ભારતીય આધુનિક ચિત્રકલાના ભીષ્મ પિતામહ ગણાય છે. તેમણે ઈ.સ. 1928થી ઈ.સ. 1940 સુધી લગભગ 12 વર્ષના ગાળા દરમિયાન 2000 કરતાં પણ વધારે ચિત્રોનું સર્જન કર્યું છે.

તેમણે લખ્યું છે કે, મારા જીવનનું પ્રભાત મધુર ગીતોથી શરૂ થયું હતું. હવે ભલે મારા જીવનની સંધ્યા રંગોથી સભર રહે.



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ચિત્રકલાની પદ્ધતિસરની તાલીમ લીધી ન હતી. પરંતુ તેમનું હૃદય સંવેદનશીલ હતું. તીવ્ર સંવેદના અને અંતઃપ્રેરણા એમની સર્જનાત્મક અભિવ્યક્તિનું પ્રેરક બળ રહ્યું હતું.

તેમનાં ચિત્રોમાં રેખાઓની ગતિ, રંગોમાં તાજગી અને નિરૂપણમાં ભાવ જણાઈ આવે છે. તેમનાં ચિત્રોની વિષય-વસ્તુ આત્મ-ખોજની મૂર્ત અભિવ્યક્તિ છે.

ઈ.સ. 1930માં તેમનાં ચિત્રોનું પ્રદર્શન પૅરિસમાં થયું હતું. ત્યાં તેમને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું. એ પછી તો કોલકાતા અને મુંબઈમાં એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં પોટ્રેઈટ ઑફ વુમન, માતૃપ્રેમ, સ્ત્રીનું હેડ, લેડી વિથ ફ્લાવર વગેરે છે.

તેમનાં ચિત્રો શાંતિનિકેતનમાં 'રવીન્દ્રનાથ ટાગોર ભવન' કોલકાતા અને દિલ્લીની 'નેશનલ ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટ'માં સંગ્રહીત છે. એમનું અવસાન ઈ.સ. 1941માં થયું હતું.



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'સ્ત્રીનું હેડ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'માતૃપ્રેમ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'લેડી વિથ ફ્લાવર'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'અનટાઈટલ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'પ્રાણીઓ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'લૅન્ડસ્કેપ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'પ્રાણી'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'સ્ત્રી વૃંદ'

# 3 શ્રી અવનીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1871થી ઈ.સ. 1951)



શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ ઈ.સ. 1871માં બંગાળમાં થયો હતો. તેમણે ભારતીય ચિત્રશૈલી, અજંતાની ચિત્ર-વિધાન પદ્ધતિ, તાંજોરની કલા તથા ચાઈનિઝ, જાપાનિઝ અને મોગલકલાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. તેમણે કેટલાંક પાશ્ચાત્ય ચિત્રકારોનું માર્ગદર્શન મેળવીને ચિત્રોનું સર્જન કરવામાં તેમણે આગવી ચિત્ર-વિધાન પદ્ધતિઓનું નિર્માણ કર્યું.

અવનીદ્રનાથ ટાગોરને અર્વાચીન ભારતીય કલાના પિતા (Father of Modern Indian Painting) ગણવામાં આવે છે. જાપાનિઝ વૉશ મૅથડથી દોરેલાં ચિત્રોમાં વિષયની ગહનતા અને પાત્ર-નિરૂપણમાં ભાવવાહિતા ધબકતી જોવા મળે છે.

તેઓ **બંગાળ સ્કૂલ ઑફ આર્ટના** સ્થાપક હતા. ભારતના ઘણા ચિત્રકારોએ તેમની પાસેથી કલાનું શિક્ષણ લીધું હતું. તેમના કલાકાર-શિષ્યો દ્વારા સર્જિત ભારતીય ચિત્રકલાને માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. મોગલ-કલા તથા રાજપૂત-કલાનાં સારાં તત્ત્વોનો સમન્વય કરીને પોતાની આગવી રીતે ચિત્રોનું સર્જન કરી ભારતીય ચિત્રકલાને નવી દિશાનું સૂચન કર્યું છે.

એમના પ્રિય શિષ્ય શ્રી નંદલાલ બોઝે **શાંતિનિકેતન**ને ભારતીય ચિત્રકલાનું અગ્રગણ્ય કેન્દ્ર બનાવ્યું. એ સમયે જે ચિત્રશૈલી અમલમાં આવી તે **બંગાળ સ્કૂલ ઑફ આર્ટ** શૈલી તરીકે પ્રસ્થાપિત થઈ અને જગતભરમાં પ્રખ્યાત થઈ.


તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં મુસાફરીનો અંત, અવની, ભારતમાતા, રાધિકા, ડિપાર્ચર ઑફ સિદ્ધાર્થ, કમળપત્રમાં અશ્રુબિન્દુ વગેરે છે. એમનું અવસાન ઈ.સ. 1951માં થયું હતું.



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'કાશ્મીર કૂચ'



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'મુસાફરીનો અંત'



'અવની'



'ભારતમાતા'

ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'કાશ્મીર'



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'શિવ'

# 4 શ્રી નંદલાલ બોઝ (ઈ.સ. 1883થી ઈ.સ. 1966)



શ્રી નંદલાલ બોઝનો જન્મ ઈ.સ. 1883માં બિહાર રાજ્યના મોંઘીર જિલ્લાના ખડગપુર ગામમાં થયો હતો.

કોલકાતાની કલાશાળામાં કલાગુરુ શ્રી અવનીન્દ્રનાથ ટાગોર પાસેથી તેમણે કલાનું શિક્ષણ મેળવ્યું હતું.

ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથ ટાગોરના પરિચયમાં આવીને શાંતિનિકેતનમાં કલાના અધ્યાપક તરીકે રહીને અનેક નવોદિત કલાકારોને તાલીમ આપી તથા પોતે પણ કલાની સાધના ચાલુ રાખી.

કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરની ગીત-પુસ્તિકા (The collected Poems of Ravindranath Tagore)ને ચિત્રાંકિત કરવાનો સુયશ તેમને સાંપડ્યો છે.

સરકારી કલાશાળાના આચાર્ય હેવલની પ્રેરણાથી તેમણે **ઇન્ડિયન સોસાયટી ઑરિએન્ટલ આર્ટ** નામની સંસ્થામાં અધ્યાપક તરીકે સેવાઓ આપી.

તેઓ રાષ્ટ્રીય લલિતકલા ઍકેડેમીના સૌપ્રથમ સન્માનીય સભ્ય હતા. રાષ્ટ્રીય કક્ષાએ મહામહિમ રાષ્ટ્રપતિના વરદહસ્તે **પદ્મવિભૂષણ** તરીકે સન્માનિત થયા.

બંગાળની રોયલ એશિયાટિક સોસાયટીએ તેમને **રવીન્દ્રનાથ જન્મ-શતાબ્દી પદક** આપીને બહુમાન કર્યું. મહાત્મા ગાંધી પણ કલાવિષયક નિર્ણયોમાં તેમનો નિર્ણય પ્રમાણભૂત ગણતા અને તેમના પ્રત્યે આત્મીય ભાવ રાખતા.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર સાથે તેમને ચીન, જાપાન જવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. અજંતા શૈલીનાં ચિત્રોની નકલ કરવામાં અશિતકુમાર હલદર સાથે તેમણે કામ કર્યું. તેઓ એક સિદ્ધહસ્ત રેખાંકનકાર હતા. તેમની રેખામાં તરલતા, જોશ, તાકાત અને ભાવ-અભિવ્યક્તિ જોવા મળે છે.

અજંતાની કલાનાં ભીંતચિત્રોની જેમ રંગો એકબીજામાં ધુમ્મસની જેમ ભળી જાય છે. તેમણે તેમનાં ચિત્રોમાં ભારતીય રંગોની પદ્ધતિ અખત્યાર કરી હતી. અજંતાની સ્ત્રીઓની અંગભંગિમા અને અલંકરણોની જેમ શ્રી નંદબાબુએ તેમની ચિત્રોની શૈલીમાં પણ તેવી આભા ઉપસાવી છે. તેમની શૈલી પૂર્ણતઃ વર્ણનાત્મક રહી છે.

શ્રી જગદીશચંદ્ર બોઝે સ્થાપેલી સંસ્થા **ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ**ની દીવાલો ઉપર તેમજ વડોદરાના કીર્તિમંદિરની દીવાલો ઉપર દોરેલાં તેમનાં ચિત્રો તેમની કલાસૂઝનો પરિચય કરાવે છે.

તેમના પ્રખ્યાત ચિત્રોમાં કલાસાગર, અભિસારિકા, શિવનું વિષપાન, પાર્થસારથી, યમ-સતી, શિવ-પાર્વતી, કાલિમાતા, ગરુડ, દુર્ગા, શિવ-અન્નપૂર્ણા દશરથનું અવસાન, અહલ્યાનો ઉદ્ધાર વગેરે ખ્યાતનામ ચિત્રો તેમની કલાના ઉત્તમ નમૂનાઓ છે.


એમનું અવસાન ઈ.સ. 1966માં થયું હતું.



'શિવ-અન્નપૂર્ણા'



'કલાસાગર'




'અભિસારિકા'

ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ



'પાર્થસારથી'



'શિવનું વિષપાન'

ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ




ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'ઢોલવાદક'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'સંગીત'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'સતી'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'યમ-સતી'

# 5 શ્રી જેમિની રૉય (ઈ.સ. 1887થી ઈ.સ. 1972)



શ્રી જેમિની રૉયનો જન્મ પશ્ચિમ બંગાળના બાંકરા જિલ્લાના બેલિયાતોડા નામના ગામમાં મધ્યમવર્ગીય જમીનદાર પરિવારમાં ઈ.સ. 1887માં થયો હતો. બાલ્યકાળમાં ચિત્ર પ્રત્યેની રુચિ જોઈને તેમના પિતાએ બંગાળની એક કલા-શાળામાં દાખલ કર્યા. તેમણે જન્મભૂમિમાં જોયેલા રોજિંદા જીવનના વિષયો ઉપર ચિત્રો કર્યાં.

તેમણે ખૂબ જ ઓછી રેખાઓમાં સુથાર, લુહાર, વણકર વગેરે કારીગરવર્ગનાં પાત્રો ચિતર્યાં હતાં. પોતાની કલાની ખોજ તેમણે લોકકલા દ્વારા પૂર્ણ કરી. શ્રી જેમિની રૉયે મંદિરોમાં ભીંતચિત્રો કર્યાં. રંગોળીઓ કરી, માટીનાં રમકડાં પર ચિત્રણ કર્યું. રેખાઓના આરોહ-અવરોહ અને લયયુક્ત રેખાંકનોને ઘણી સંસ્થાઓએ બિરદાવી છે. લલિતકલા અકાદમી દિલ્હીના તેઓ સભ્ય હતા.

શરૂઆતમાં પશ્ચિમી કલાપદ્ધતિથી કામ શરૂ કર્યું. બંગાળની લોકકળાઓમાંથી પ્રેરણા લઈને બનાવેલાં ચિત્રો એ નવી શૈલીનું નિર્માણ કર્યું. ઈ.સ. 1921માં તેમણે રૂપ-કલાનો વિકાસ કર્યો. તે અધિક શક્તિશાળી અને અભિવ્યંજન પૂર્ણ રહ્યો. ઘેરા ઘૂંટેલા રંગોનો ઉપયોગ કરીને પોતાની ભાવસૃષ્ટિને કાગળ ઉપર ઉતારી છે. રંગો માટે નૈસર્ગિક વસ્તુઓનો ઉપયોગ કર્યો. સિંદુરિયો રંગ સિંદુરમાંથી લેતા. રંગીન માટી અને રંગીન પથ્થરના ભૂકાને આંબલીના કચૂકાઓની લાદીમાં ઘૂંટીને બનાવેલા. રંગો તેમજ ભૂખરો રંગ નદીના કાંપમાંથી બનાવી લેતા. તે ઉપરાંત સફેદ રંગ ખડીમાંથી બનાવતા. આ રીતે નૈસર્ગિક રંગોથી નવી કલાસૃષ્ટિનું નિર્માણ કરનાર તેઓ નવોદિત કલાકાર તરીકે ખ્યાતિ પામ્યા.

જે લોકકલાને તેમણે કૂતુહલપૂર્વક માણી હતી. તેનો અંતર-પ્રવાહ તેમનામાં સતત વહ્યા કરતો હતો. તેને તેમણે રંગ-રેખાઓને કાગળ ઉપર ઉપસાવ્યો છે. એમનાં ચિત્રોની વિશિષ્ટતાઓમાં રેખા જાડી જોરદાર અને વેગીલી જોવા મળે છે. મર્યાદિત રંગોમાં પણ તેમણે સરળ અને ભાવવાહી પાત્ર-સૃષ્ટિ ઊભી કરી છે.

એમની કલા-કૃતિઓ દેશ-વિદેશનાં કલા-સંગ્રહાલયોમાં સ્થાન પામ્યા છે. તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં ત્રણ-બહેનોનું ચિત્ર, નૃત્યકરતા શ્રી ચૈતન્ય મહાપ્રભુ, ક્રિષ્ન, માતા અને બાળક તથા ગોપી વગેરે છે.

એમનું અવસાન ઈ.સ. 1972માં થયું હતું.



ચિત્રકાર : શ્રી જેમિની રૉય
'નૃત્ય કરતા શ્રી ચૈતન્ય અને વૈષ્ણવો'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય
'ક્રિષ્ના'



'માતા અને બાળક'




'માતા અને બાળક'



'શ્રી વુમન'

ચિત્રકાર : શ્રી જેમિની રૉય



ચિત્રકાર : શ્રી જેમિની રૉય

'અશોક વાટિકા'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય 'ક્રિષ્ના અને બલરામ'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય

## 6 શ્રી જગન્નાથ અહિવાસી (ઈ.સ. 1901થી ઈ.સ. 1973)



શ્રી જગન્નાથ મુરલીધર અહિવાસીનો જન્મ ગોકુળની વ્રજભૂમિની નજીકમાં આવેલ બળદેવ ગામમાં થયો હતો. તેમના પિતા કીર્તનકાર હતા.

ચિત્રકલાના વધારે અભ્યાસ માટે મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં ઉચ્ચ અભ્યાસ માટે દાખલ થયા. અહીં તેમણે પેઇન્ટિંગનો ડિપ્લોમા મેળવ્યો. ફર્સ્ટ ક્લાસ ફસ્ટ આવ્યા તેથી સરકારી સ્કૉલરશિપ મળી. તેમણે મ્યુરલ ડૅકોરેશનનો અભ્યાસ કર્યો. ઈ.સ. 1931માં **શ્રી ગ્લેડસ્ટન સોલોમનની** પ્રેરણાથી તેમણે ભારતીય કલાના વિશિષ્ટ વર્ગોનું સંચાલન કર્યુ અને ‘ગ્લેડસ્ટન સોલોમન’ ઍવોર્ડ મેળવ્યો.

લલિતકલા અકાદમીએ તેમની પાસે અજંતા, બાઘ, સિતલવાસન અને બદામીનાં ગુફાચિત્રોની પ્રતિકૃતિઓ તૈયાર કરાવી છે. ભારત સરકારે તે માટે સુવર્ણચંદ્રક આપી બહુમાન કર્યું હતું.

તેમણે રાષ્ટ્રપતિ ભવન, ઉત્તરપ્રદેશની વિધાનસભા, દિલ્લીના ગવર્નમેન્ટ હાઉસમાં પોતાની રીતે ચિત્રો બનાવીને ખૂબ યશ, નામના મેળવેલ છે.

એક ઉમદા અધ્યાપક અને કુશળ ચિત્રકાર તરીકે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેમનું બહુમાન કર્યું હતું.


ઈ.સ. 1957થી 1966 દરમિયાન બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં કલાવિભાગના અધિષ્ઠાતા હતા. તેઓ ચિત્રકારની સાથે સંગીતકાર, સાહિત્યકાર અને કવિ પણ હતા. તેમની વ્રજ ભાષાનાં કીર્તનોની ભક્તિ તેમનાં ચિત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. તેમની કલાશૈલીમાં અજંતાની અસર જોવા મળે છે તથા બંગાળના કલાકારોની રંગ-પ્રસાર શૈલી અને મુંબઈની શૈલી મુજબ તેમનાં ચિત્રોમાં ઓજસ પથરાયેલું છે. જીવનના સામાન્ય પ્રસંગોમાં રહેલી મધુરતાનો આસ્વાદ તેમનાં સર્જનોમાં માણવા મળે છે. જીવન-વ્યવહારમાં જ તેમની કલા ઓતપ્રોત થયેલી છે.

નાજુક અને સૂક્ષ્મ રેખા, આકર્ષક રંગ, સુમેળ અને લયયુક્ત મનુષ્યાકૃતિ એ જગન્નાથ અહિવાસીની આગવી ઓળખ અને કલા છે. તેમની પ્રસિદ્ધ ચિત્ર-કૃતિઓમાં મૈયા મૈં નહી માખન ખાયો, સંદેશ, ચિત્રલેખા, મીરાંનો મેવાડત્યાગ, પિતા-પુત્ર, મહાભારત લેખન જેવાં સર્જનો મુખ્ય ગણાય છે.

એમનું અવસાન ઈ.સ. 1973માં થયું હતું.



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી ' મૈયા મૈં નહી માખન ખાયો'



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી
'સંદેશ'




ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી 'નામકરણ'



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી
'ચિત્રલેખા'

# 7 શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રે (ઈ.સ. 1910થી ઈ.સ. 1992)



શ્રી નારાયણ શ્રીધર બેન્દ્ર(એન. એસ. બેન્દ્રે)નો જન્મ ઇન્દોરમાં થયો હતો. શાળાના અભ્યાસકાળથી જ એમને ચિત્ર પ્રત્યે રૂચિ હતી. તેથી તેઓ ઈન્દોરની કલાશાળામાં દાખલ થયા. અહીં તેમને શ્રી દેવલાલીકર જેવા મહાન ચિત્રકારનું માર્ગદર્શન મળ્યું હતું. ઈ.સ. 1933માં મુંબઈની **સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ**માંથી આર્ટ્સનો ડિપ્લોમા મેળવ્યો.

કારકિર્દીની શરૂઆત તેમણે જમ્મુ અને કાશ્મીર રાજ્યના પ્રકાશન ખાતામાં જોડાઈને કરી. અહીંના પ્રાકૃતિક સૌંદર્યથી પ્રભાવિત થયા. ઈ.સ. 1943માં કલાનો અભ્યાસ કરવા કોલકતાની 'શાંતિનિકેતન'માં જોડાયા. અહીં શ્રી નંદલાલ બોઝના માર્ગદર્શન નીચે સુંદર ચિત્રકૃતિઓ તૈયાર કરી. કાશ્મીરમાં રહીને ત્રણ વર્ષમાં ત્રણ હજાર જેટલાં સ્કેચ તૈયાર કર્યા. સૌરાષ્ટ્રનો પ્રવાસ કરીને ગ્રામ્યપાત્રોનાં ચિત્રો તૈયાર કર્યાં. ભારતના પ્રગતિશીલ અને પ્રયોગશીલ કલાકારોમાં તેમનું સ્થાન અગ્રિમ છે.

પ્રાકૃતિક દશ્યો અને ગ્રામ્યજીવનની સુવાસ તેમના પાત્ર- નિર્માણમાં જોઈ શકાય છે. રેખા, રંગ અને રૂપ-નિર્માણના અનેકવિધ પ્રયોગો તેમણે કર્યા છે. અમૂર્ત રૂપોમાં તેમણે અનેક પ્રયોગો કર્યા છે. રાજસ્થાની અને કાંગડા જેવી ચિત્રશૈલીઓની રંગરચનાઓ પોતાની આગવી રીતે નિયોજી છે. તેમણે ફ્રેસ્કો, ટેમ્પેરા અને ઈચિંગમાં પણ સિદ્ધિ હાંસલ કરી છે.



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'કાંટો'

ઈ.સ. 1991માં તેમને બૉમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્રક અને ઈ.સ. 1941માં આર્ટ સોસાયટી ઑફ ઇન્ડિયાનો સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. આ સિદ્ધહસ્ત કલાકારે વડોદરાની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાં ડિન તરીકે સેવાઓ આપીને ગુજરાતના અનેક કલાકારોને માર્ગદર્શન આપ્યું. ભારત સરકારે **પદ્મશ્રીનો** ઇલ્કાબ આપીને તેમનું બહુમાન કર્યું હતું. ભારતના નામાંકિત કલાકાર તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં માતા અને બાળક, સ્ત્રીઓ, શ્રી વુમન, કાંટો, કમળ વેચનાર, ગામડાના દેવ, કચ્છનું ભરત-કામ, સૂરજમુખીનાં ફૂલો વગેરે છે. એમનું અવસાન ઈ.સ. 1992માં થયું હતુ.




ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે
'વુમન એન્ડ ગણેશા'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'માતા અને બાળક'



'બંગાળી સ્ત્રી'



'અનટાઈટલ'

ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'શ્રી વુમન'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'માતા અને બાળક'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે કમળ વેચનાર સ્ત્રીઓ

# 8 શ્રી શ્યાવક્ષ ચાવડા (ઈ.સ. 1914થી ઈ.સ. 1990)



શ્રી શ્યાવક્ષ ચાવડાનો જન્મ ઈ.સ. 1914માં ગુજરાત રાજ્યના નવસારી શહેરમાં થયો હતો.

તેમણે કલા-શિક્ષકની તાલીમ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં લીધી. ઈ.સ. 1935માં તેમણે ઉચ્ચ કલાનો ડિપ્લોમા મેળવીને બીજા વર્ષે રતન ટાટા ટ્રસ્ટની સ્કૉલરશિપ મેળવી. લંડનની ખ્યાતનામ **સ્લેડ સ્કૂલ ઑફ આર્ટ્સ**માં અભ્યાસ કર્યો. ત્યાં તેમણે રેનોલ્ડ સ્નાવે અને વ્લાડીમીર પોલ્યુનીન પાસે કલાનું શિક્ષણ લીધું. અહીં તેમણે ફાઇન આર્ટ્સનો ડિપ્લોમા મેળવ્યો હતો.

ત્યાર પછી પૅરિસની નામાંકિત કલા-અકાદમી દ. બા. ગ્રાન્દ શોમિયોમાં કલાનો અભ્યાસ કર્યો. વિદેશોના પ્રવાસની સાથે ભારતભરની યાત્રાઓ કરી. ઈ.સ. 1948માં આસામના આદિવાસીઓ વચ્ચે રહીને અભિનવ વિષયોમાં કામ કર્યુ હતું. ઈ.સ. 1951માં મલાયા, જાકાર્તા, બાલીનો પ્રવાસ કર્યો તેમજ ઈ.સ. 1955માં યુરોપ જઈ આવ્યા. આવા પ્રવાસ દરમિયાન ચિત્ર-સર્જન ચાલુ રાખ્યું.

તેમણે ભારત ઉપરાંત પૅરિસ, લંડન, ઝુરિચ, જાકાર્તા અને સિંગાપોરમાં પોતાનાં પ્રદર્શનો યોજ્યાં. ઈ.સ. 1961માં ન્યૂયૉર્કમાં વન-મૅન શૉ કર્યો. તેમણે ભારતીય સંગીત, નૃત્ય અને શિલ્પની ત્રિવેણી કલા પ્રાપ્ત કરીને પોતાની આગવી ઓળખ, પ્રતિભાઓ તેમણે ઉપસાવી હતી. તેમનાં પત્ની સારાં નૃત્યકાર હતાં તેથી તેમનાં ચિત્રોમાં તેમણે નૃત્યકારની અંગભંગિમા, લય અને ગતિની રજૂઆત સચોટ રીતે આલેખી છે. ગ્રામગૃહિણીની સાદગી, પ્રાણીઓની આકૃતિઓમાં ઓછામાં ઓછી રેખાઓમાં વ્યક્ત કરનાર આ સિદ્ધહસ્ત કલાકારને દુનિયાભરમાં નામના, પ્રશંસા મળી છે. એમનાં ચિત્રોનાં પ્રદર્શનો ભારતમાં અને વિશ્વનાં અનેક શહેરોમાં યોજાયાં છે. તેમના જાણાતા ચિત્રોમાં નર્તકીઓ, રિક્ષાવાળા, પ્રાણીઓ, મદારી, કૂકડાઓ, જાવાના ખૂમચાંવાળાઓ, પૉર્ટસેલર વગેરે જોવાલાયક છે. એમનું અવસાન ઈ.સ. 1990માં થયું હતું.



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'રીધમ'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'નૃત્ય'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'ભરતનાટ્યમ્'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'તાલ'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'ડાન્સિંગ વુમન'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા


'ભરતનાટ્યમ્‌ની નૃત્યાંગના'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા

'મધર એન્ડ ચાઈલ્ડ'

# 9 શ્રી એમ. એફ. હુસૈન (ઈ.સ. 1916થી ઈ.સ. 2011)



શ્રી મકબુલ ફિદા હુસૈનનો જન્મ ઈ.સ. 1916માં મહારાષ્ટ્રમાં સોલાપુરમાં થયો હતો. તેમણે ચિત્રકલાનું જ્ઞાન **ઈન્દોર સ્કૂલ ઑફ આર્ટ્સ**માંથી મેળવ્યું હતું.

તેઓ વ્યક્તિ ચિત્રો બનાવવા માટે સખત પરિશ્રમ કરતા. ક્યારેક ચાલતા તો ક્યારેક સાઇકલ ઉપર ફરતા. આ કલાકારે પોતાની આગવી છટામાં દોરેલાં ચિત્રોએ તેમને વિશ્વવિખ્યાત બનાવ્યા હતા.

મુંબઈમાં જઈને સિનેમાના બોર્ડ ચિતરતા. ચમકદાર રંગો વડે રમકડાં બનાવતા. મેડિકલ કૉલેજમાં જઈ માનવોના શરીરની એનોટોમીનો અભ્યાસ કર્યો. મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં કલાના અધ્યાપક તરીકે જોડાયા.

તેમણે ચિત્રના સર્જનમાં ઉત્તરોત્તર નવાં ક્ષેત્રોનો ઉપયોગ કર્યો. તૈલીરંગો, જળરંગો અને ક્યાંક માત્ર રેખાંકનોમાં પણ સુંદર ચિત્રો બનાવ્યાં છે. તેમણે મૂર્ત-અમૂર્ત ચિત્રો ઉપરાંત પોટ્રેટ્સ અને લૅન્ડસ્કૅપ પણ કર્યાં છે. જાહેર ઈમારતોની દીવાલો ઉપર મોઝેક પદ્ધતિથી ભીંતચિત્રો કર્યાં છે. આ બાબતમાં આકાર અને રંગરચનામાં પોતાની મૌલિકતાઓ સિદ્ધ કરી છે.


ભારતીય મિનિએચર ચિત્રશૈલીના રંગ, રેખાઓને સમકાલીન અને અર્વાચીન શૈલીમાં વાપરીને ભારતીય લોકજીવન અને સંસ્કૃતિનાં પ્રતીકોનો અભ્યાસ કર્યો છે, તેથી તેમનાં ચિત્રો લોકભોગ્ય બન્યાં છે. દોડતાં ઘોડાઓ એ એમનાં ચિત્રોનો મુખ્ય વિષય રહ્યો છે. જાડી, કાળી રેખાઓ દ્વારા આકૃતિને ઉઠાવ આપે છે, જે તેમનાં ચિત્રોની આગવી ઓળખ છે.

શ્રી મકબુલ ફિદા હુસૈનનાં ચિત્રો ભારતમાં અને વિદેશોમાં અનેક શહેરોમાં પ્રદર્શિત થયાં છે. તેઓ લાંબા સમય સુધી ભારતીય લલિતકલા અકાદમીના સભ્ય રહ્યા.

તેમનાં જાણીતાં ચિત્રોમાં મધર ટૅરેસા, વીણા સાથે સરસ્વતી, બુદ્ધ, મૅન ઍન્ડ હૉર્સ, સ્નાન, વુમન ઍટવર્ક, મૂન, મ્યુઝિશિયન વગેરે ઉલ્લેખનીય છે. ભારત સરકારે તેમને **પદ્મશ્રી**નો ઇલ્કાબ આપીને તેમનું ગૌરવ વધાર્યું છે. એમનું અવસાન ઈ.સ. 2011માં થયું હતું.



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'ટ્રેડિશનલ ઈન્ડીયન ફેસ્ટીવલ'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'ગણેશા'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન
'વીણા સાથે સરસ્વતી'



'બુદ્ધ'



'અનટાઈલ'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'ઘોડા'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'મધર'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'અનટાઇટલ'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'હોર્સ વીથ વુમન'

## સ્વાધ્યાય

### 1. મુદ્દાસર જવાબ આપો :

(1) શ્રી રાજા રવિ વર્માએ શાના આધારે ચિત્રો તૈયાર કર્યાં ?

(2) શ્રી રાજા રવિ વર્માએ કોની-કોની પાસેથી કલાની તાલીમ લીધી ?

(3) શ્રી રવીન્દ્રનાથ ટાગોર શા માટે ભારતીય આધુનિક ચિત્રકલાના ભીષ્મ પિતામહ ગણાય છે ?

(4) શ્રી શ્યાવક્ષ ચાવડાના ચિત્રનાં પ્રદર્શનો ક્યાં-ક્યાં યોજાયાં ?

(5) શ્રી એન. એસ. બેન્દ્રેએ કલાનો અભ્યાસ ક્યાં-ક્યાં કર્યો ?

(6) શ્રી નંદલાલ બોઝે કયાં-ક્યાંની દીવાલો પર ચિત્રો કર્યાં છે ?


(7) શ્રી જેમિની રૉયે પોતાની ભાવ-સૃષ્ટિને કાગળ પર ઉતારવા કયા-કયા રંગોનો ઉપયોગ કર્યો હતો ?

(8) શ્રી જગન્નાથ અહિવાસી ચિત્રકાર ઉપરાંત કઈ-કઈ કલાઓના જાણકાર હતા ?

(9) શ્રી જગન્નાથ અહિવાસીને લલિતકલા અકાદમીએ કઈ-કઈ ગુફાઓની પ્રતિકૃતિઓ કરવાનું કામ સોંપ્યું ?

(10) શ્રી અવનીન્દ્રનાથ ટાગોરે કઈ-કઈ કલાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો ?

•



# વિભાગ : 2 ચિત્ર-સર્જન

**ચિત્ર-સંયોજન "Picture Composition"**


ચિત્ર સર્જન એટલે ચિત્ર તૈયાર કરવાની કળા. આગળના ધોરણમાં આપણે ચિત્ર સર્જનનો અભ્યાસ કરેલો છે. આ ધોરણમાં તેનાથી કંઈક વિશેષ અને વધુ અભ્યાસ કરવાનો છે.

આ કક્ષાએ તમારે $\frac{1}{4}$ સાઈઝના (28 સેમી × 38 સેમી) માપના ડ્રૉઈંગ કાગળોમાં ચિત્ર સર્જનો જળ રંગમાં તૈયાર કરવાનાં છે. આ ચિત્ર સર્જનો ત્રણ પ્રકારમાં તૈયાર કરવાનાં છે.

**1. ચિત્ર-સંયોજન 2. ભાતચિત્ર 3. માનવસર્જિત પદાર્થચિત્ર**


**1. ચિત્ર-સંયોજન :**

ચિત્ર-સંયોજન એટલે ચિત્રમાં મુકાતાં પાત્રોની યોગ્ય અને કલાત્મક ગૂંથણી કે ગોઠવણી. આ વિષયમાં ખાસ કરીને માનવ પાત્રોનો અભ્યાસ વધુ કરવાનો છે. માનવ પાત્રો વિષયને અનુરૂપ હાવભાવવાળાં બને તે જરૂરી છે. સાથે-સાથે વિષયને અનુરૂપ પ્રશ્વાદ્ (બેક ગ્રાઉન્ડ)માં ઝાડ, પ્રાણી, પક્ષી વગેરેને મૂકીને ચિત્રને જીવંત બનાવવાનું છે.




ચિત્ર : પાનાચંદ લૂણેચિયા 'નદિ-કિનારે'

ચિત્ર-સંયોજનના વિષયમાં ઓછામાં ઓછા બે માનવ પાત્રોનું કલાત્મક સંયોજન કરવાનું છે. આ ચિત્રો માત્ર વાસ્તવિક લાગે તેવા કે માત્ર સર્જનાત્મક લાગે તેવાં ન થવાં જોઈએ. પરંતુ બંનેનું મિશ્રણ હોય તેવાં થવાં જોઈએ. આ ચિત્રો તમારે 20 સેમી × 25 સેમીનાં માપમાં ઉભી કે આડી સાઈઝમાં વિષયને અનુરૂપ બનાવવાનાં છે. તમારા માર્ગદર્શન માટે અહીં કેટલાંક નમૂનાનાં ચિત્રોસંયોજનો મૂક્યાં છે.



ચિત્ર - પ્રશાંત એમ. પટેલ　　ભરત-રામ મિલાપ



ચિત્ર - પ્રશાંત એમ. પટેલ　　માતા અને બાળક



ચિત્ર- પ્રશાંત એમ. પટેલ 'શ્રમજીવી'



પનિહારીઓ



શાકભાજી વેચતી સ્ત્રી


ચિત્ર- પાનાચંદ લૂણેચિયા




ચિત્ર- લક્ષ્મણ લાસ્પડા પાળિયા દર્શન




ચિત્ર- લક્ષ્મણ લામ્પડા ઘરકામ કરતી સ્ત્રીઓ



ચિત્રસંયોજન 'પૂજારણો'






ચિત્ર- પ્રશાંત એમ. પટેલ


## 2. સર્જનાત્મક ભાતચિત્ર (Creative Design) :


ભાતચિત્ર એટલે સુશોભન કરવાની કળા. આદિકાળથી માનવ આનંદમય જીવન જીવવા માટે અનેક પ્રકારના સુશોભનો કરતો રહ્યો છે. સુશોભન કરવું અને આનંદ મેળવવો કે આકર્ષણ જમાવવું એ માનવીનો સહજ સ્વભાવ છે. કુદરતમાં પણ આ ક્રમ જોવા મળે છે. ફૂલોના આકર્ષક રંગ અને સુગંધ તેના પુરાવા છે. ભાતચિત્રના સર્જનોમાં તમારે કુદરતી આકારોને કલાત્મક બનાવીને તેને કલાત્મક રીતે ગોઠવીને 20 સેમી × 25 સેમીના માપમાં ભાતચિત્રોનું સર્જન કરવાનું છે. સર્જનાત્મક ભાતચિત્રના અહીં કેટલાક નમુના છાપ્યા છે તેનો અભ્યાસ કરીને અને સર્જનાત્મક ભાતચિત્ર રચનાઓ તૈયાર કરવાની છે.




ચિત્ર- પાનાચંદ લૂણેચિયા








ચિત્ર- કલેન્દુ મહેતા




સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત






ચિત્ર- કલેન્દુ મહેતા


## 3. માનવસર્જિત પદાર્થચિત્ર (Man Maid Object Drawing)

આગળનાં ધોરણમાં તમે માનવસર્જિત પદાર્થચિત્રો વિશે અભ્યાસ કરેલો છે. અહીં તમારે માનવસર્જિત વસ્તુઓ જ તમારી પાસેથી જ મળી રહે તેવી જેમ કે કંપાસબૉક્સ, ચૉક, ચશ્માં, ચંપલ, પુસ્તક, પેન, પેન્સિલ, કલરની શીશી, રબર વગેરેમાંથી માત્ર બે કે ત્રણ વસ્તુઓ તમારે તમારી આગળ જ ગોઠવવાની છે અને પ્રમાણમાપનો ખ્યાલ રાખીને જેવું દેખાય તેવું ચિત્ર દોરીને તેમાં પેન્સિલ શેડમાં અથવા આબેહુબ જળરંગોમાં છાયા-પ્રકાશવાળાં ચિત્રો તૈયાર કરવાનાં છે. (વર્ષ દરમિયાન કેટલાંક ચિત્રો પેન્સિલ શેડમાં તેમજ કેટલાંક ચિત્રો જળરંગોથી તૈયાર કરવાં.)

આ ચિત્રો માટે કોઈ ચોક્કસ માપ હોતું નથી. પરંતુ 28 × 38 સેમીના માપનાં કાગળને અનુરૂપ યોગ્ય માપમાં ચિત્રો તૈયાર કરવાનાં છે. ઘણું નાનું ચિત્ર ગુણને પાત્ર ગણાશે નહિ. તમારા માર્ગદર્શન માટે અહીં કેટલાંક માનવસર્જિત પદાર્થ ચિત્રોના નમૂનાઓ આપ્યા છે.

























POSTE
COLO










વિવિધ ટેક્ષ્ચર

રેખાંકન : શ્રી કલેન્દુ મહેતા



કલાત્મક વૃક્ષો



કલાત્મક મોર